

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 287
Dt.: 28-06-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa







# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે સેશેલ્સ પહોંચ્યા

## તેઓ દરિયાઈ સુરક્ષા, બ્લૂ ઈકોનોમી, ડિજિટલ સહયોગ અને MAHASAGAR વિઝન સહિતના મુદ્દાઓ પર ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે સવારે ૩ દિવસની સત્તાવાર મુલાકાતે સેશેલ્સ માટે રવાના થયા છે. ૨૭થી ૨૯ જૂન સુધી ચાલનારી આ મુલાકાત દરમિયાન તેઓ સેશેલ્સના રાષ્ટ્રીય દિવસની સુવર્ણ જયંતિ ઉજવણીમાં ગેસ્ટ ઓફ ઓનર તરીકે ભાગ લેશે. વડાપ્રધાન આ પ્રવાસ સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીના આમંત્રણ પર કરી રહ્યા છે.

સેશેલ્સ જવા પહેલાં જારી કરેલા નિવેદનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, સેશેલ્સ ભારતનો મહત્વપૂર્ણ દરિયાઈ પડોશી દેશ અને વિઝન મહાસાગરનો મુખ્ય ભાગીદાર છે. તેમણે કહ્યું કે, ગ્લોબલ સાઉથ પ્રત્યે બંને દેશોની સંયુક્ત પ્રતિબદ્ધતા તેમના સંબંધોને વધુ મજબૂત બનાવે છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, આ વર્ષે ભારત અને સેશેલ્સ પોતાના રાજદ્વારી સંબંધોની સ્થાપનાના ૫૦ વર્ષ પણ ઉજવી રહ્યા છે. તેમણે કહ્યું કે બંને દેશો વચ્ચેના સંબંધો પરસ્પર વિશ્વાસ, લોકશાહી મૂલ્યો, વિવિધતાના સન્માન અને લોકો વચ્ચેના ગાઢ સંબંધો પર આધારિત છે. તેમણે ફેબ્રુઆરી ૨૦૨૬માં રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીની ભારત મુલાકાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, હવે



બંને દેશો વચ્ચેના સહયોગને નવી ઊંચાઈએ લઈ જવાનો અવસર છે.

આ મુલાકાતની સૌથી મોટી ખાસિયત એ રહેશે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સેશેલ્સની નેશનલ એસેમ્બલીને સંબોધન કરનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન બનશે. તેમણે તેને બંને લોકશાહી દેશો અને તેમની સંસદીય પરંપરાઓ વચ્ચેના મજબૂત સંબંધોનું પ્રતીક ગણાવ્યું છે. આ ઉપરાંત વડાપ્રધાન સેશેલ્સમાં રહેતા ભારતીય સમુદાયના લોકો સાથે પણ મુલાકાત કરશે, જેમણે વર્ષોથી બંને દેશો વચ્ચે મજબૂત સેતુ તરીકેની ભૂમિકા ભજવી છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, સેશેલ્સ મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ હર્મિની દ્વિપક્ષીય સહયોગના તમામ પાસાઓની સમીક્ષા કરશે. બંને નેતાઓ વચ્ચે સંરક્ષણ સહયોગ, દરિયાઈ સુરક્ષા, બ્લૂ ઈકોનોમી, ડિજિટલ ગવર્નન્સ, ક્ષમતા નિર્માણ અને પ્રાદેશિક સુરક્ષા જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થશે. બંને દેશો હિંદ મહાસાગર વિસ્તારમાં શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે સહયોગ વધુ મજબૂત બનાવવા પર પણ વિચાર કરશે. ભારત અને સેશેલ્સ ડિજિટલ ક્ષેત્રમાં પણ સહયોગ વધારી રહ્યા છે. ફેબ્રુઆરીમાં રાષ્ટ્રપતિ હર્મિનીની ભારત મુલાકાત દરમિયાન બંને દેશોએ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI), ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને ઈ-ગવર્નન્સના ક્ષેત્રમાં સાથે મળીને કામ કરવાની સંમતિ વ્યક્ત કરી હતી. ભારત સેશેલ્સની જરૂરિયાતો અનુસાર ડિજિટલ માળખું વિકસાવવામાં મદદ કરશે. સેશેલ્સમાં ભારતના હાઈ કમિશનર રોહિત રાથીશના જણાવ્યા મુજબ, વડાપ્રધાનની આ મુલાકાત દરમિયાન અનેક મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સાયબર સુરક્ષા, સાયબર સ્પેસ, દરિયાઈ વિજ્ઞાન, દરિયાઈ સંરક્ષણ અને બ્લૂ ઈકોનોમી જેવા ઉભરતા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ખાસ ભાર આપવામાં આવશે. નિષ્ણાતોનું માનવું છે કે, આ મુલાકાત માત્ર દ્વિપક્ષીય સંબંધો સુધી મર્યાદિત નથી, પરંતુ હિંદ મહાસાગર વિસ્તારમાં ભારતની વ્યૂહાત્મક હાજરીને વધુ મજબૂત બનાવવાના દૃષ્ટિકોણથી પણ ખૂબ મહત્વપૂર્ણ છે. વિઝન મહાસાગર હેઠળ ભારત દરિયાઈ સુરક્ષા, પ્રાદેશિક વિકાસ અને ભાગીદાર દેશોની ક્ષમતા નિર્માણ પર સતત ભાર મૂકી રહ્યું છે. આવી સ્થિતિમાં વડાપ્રધાન મોદીની આ મુલાકાત ભારત-સેશેલ્સ સંબંધોને નવી ઊર્જા આપવાની સાથે હિંદ મહાસાગર વિસ્તારમાં ભારતની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે તેવી માન્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ૧૪ ધારાસભ્યો કરી શકે છે પક્ષપલટો

# ઓપરેશન ટાઈગર ૨.૦: મહારાષ્ટ્રમાં ફરીવાર રાજકીય ભૂકંપના એંધાણ

## ઉદ્ધવ ઠાકરેએ ગઢ બચાવવા આઉટરીચ કાર્યક્રમ શરૂ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં એકવાર ફરી બહુ મોટા રાજકીય ઉલટફેરના સંકેતો મળી રહ્યા છે. શિવસેના (UBT) ના ૬ લોકસભા સાંસદો એકનાથ શિંદે જૂથમાં જોડાયાના ગણતરીના દિવસોમાં જ ઉદ્ધવ ઠાકરેને વધુ એક મોટો આંચકો આપવાની તૈયારીઓ થઈ ગઈ છે. શિંદે સરકારના કેબિનેટ મંત્રી ગુલાબરાવ પાટીલે શુક્રવારે એક ચોંકાવનારો દાવો કરતા જણાવ્યું છે કે રાજ્યમાં 'ઓપરેશન ટાઈગર ૨.૦' શરૂ થઈ ચૂક્યું છે. પાટીલના જણાવ્યા મુજબ, ઉદ્ધવ ઠાકરેની પાર્ટીના ૧૪ થી વધુ ધારાસભ્યો ખૂબ જ ટૂંક સમયમાં પક્ષ પલટો કરીને એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થવા જઈ રહ્યા છે. હાલની વિધાનસભામાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના પાસે કુલ ૨૦ ધારાસભ્યો બચ્યા છે. જેમાંથી ૧૦ ધારાસભ્યો માત્ર મુંબઈના છે. આમાં આદિત્ય ઠાકરે અને વરુણ સરદેસાઈ જેવા મોટા ચહેરાઓ પણ સામેલ છે. પક્ષ પલટા વિરોધી કાયદા મુજબ, જો કોઈ જૂથ પોતાની સદસ્યતા ગુમાવ્યા વિના અલગ થવા માંગતું હોય, તો તેને ઓછામાં ઓછા બે-તૃતીયાંશ ધારાસભ્યોના સમર્થનની જરૂર પડે છે. એટલે કે ૨૦ માંથી બરાબર ૧૪ ધારાસભ્યોનું તૂટવું કાનૂની રીતે જરૂરી છે, અને શિંદે જૂથનો દાવો આ જ મેજિક નંબર સુધી પહોંચવાનો છે. ચોમાસુ સત્ર દરમિયાન ઉદ્ધવ જૂથના ૪ ધારાસભ્યો મુખ્યમંત્રી શિંદેને ગુપ્ત રીતે મળ્યા હોવાની ચર્ચાઓ પણ જોરશોરથી ચાલી રહી છે.આ સંભવિત ભંગાણની અફવાઓ વચ્ચે શિવસેનાએ આક્રમક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં પાર્ટી છોડનારા ૬ સાંસદો પર પ્રહાર કરતા ઉદ્ધવ જૂથના વરિષ્ઠ નેતાએ કહ્યું કે, "ભગતસિંહ, રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ બાગી હતા, જેમણે દેશ માટે લડત આપી. પરંતુ જેઓ આપણા ચિન્હ પર જીતીને પક્ષ બદલી ગયા, તેઓ બાગી નહીં પણ ગદ્દાર છે. તેઓ ૫૦ થી ૬૦ કરોડ રૂપિયામાં વેચાઈ ગયા છે." પોતાનો બચેલો કિલ્લો બચાવવા માટે ઉદ્ધવ ઠાકરેએ નાગપુરથી ત્રણ દિવસીય મોટો પોલિટિકલ આઉટરીચ પ્રોગ્રામ શરૂ કર્યો છે અને તેઓ બાગી સાંસદોના મતવિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે. મહારાષ્ટ્રની આ ગરમાયેલી રાજનીતિ વચ્ચે શુક્રવારે એક અત્યંત રસપ્રદ નજારો જોવા મળ્યો હતો. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરે શુક્રવારે એક જ કોમર્શિયલ ફ્લાઈટમાં સાથે મુસાફરી કરતા જોવા મળ્યા હતા. તેમની સાથે આદિત્ય ઠાકરે અને સંજય રાઉત પણ હાજર હતા. ફ્લાઈટની અંદરની આ તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ રાજકીય ગલિયારામાં અનેક નવી અટકળો અને સમીકરણોની ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.

# અમેરિકાનો ઈરાન પર મોટો હુમલો, મિસાઈલ-ડ્રોન સાઈટ્સને નિશાન બનાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકાએ ફરી એકવાર ઈરાન પર મોટો હુમલો કર્યો છે. જેના કારણે મિડલ ઈસ્ટમાં ફરી યુદ્ધના એંધાણ સર્જાયા છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતા શિપ પર કથિત ઈરાની હુમલા સામે ટ્રમ્પ બગડ્યા હતા. જેના બાદ અમેરિકાએ શુક્રવારે જ ઈરાનના મિસાઈલ અને ડ્રોન સાઈટ્સને નિશાને લઈ હુમલા કર્યા હતા.સ્વિટ્ઝર્લેન્ડમાં બંને દેશો વચ્ચે થયેલા શાંતિ કરાર બાદ આ પહેલીવાર છે જ્યારે અમેરિકાએ ઈરાન પર સીધો હુમલો કર્યો છે. આ હુમલો એવા સમયે થયો હતો જ્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે સંકેત આપ્યા હતા કે વોશિંગ્ટન સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઈરાનની કાર્યવાહીનો જવાબ આપવા માટે તૈયારી કરી રહ્યું છે.પત્રકારોના સવાલ કે અમેરિકા ક્યારે જવાબી કાર્યવાહી કરશે? તેના પર ટ્રમ્પે કહ્યું હતું કે તમને જલદી જ ખબર પડી જશે. ઈરાન પર હુમલાની થોડીક જ વારમાં અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે જાહેરાત કરી હતી કે અમેરિકાના સૈન્યએ ઈરાનની અંદર ઘૂસીને હુમલા કર્યા છે. અમે ઈરાનના મિસાઈલ, ડ્રોન સ્ટોરેજ અને કોસ્ટલ રડાર સાઈટ્સને નિશાન બનાવ્યા છે.






### જ્યાં ક્યારેય જરૂર નહોતી ત્યાં AC ખરીદવા પડાપડી

# સમગ્ર યુરોપ ભીષણ ગરમી અને આકરી લૂ નો માર સહન કરી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ફ્રાન્સ

યુરોપ આ સમયે ભીષણ ગરમીનો માર સહન કરી રહ્યું છે. કેટલાય દેશોમાં તાપમાન સતત નવા રેકોર્ડ બનાવી રહ્યું છે, પરંતુ સૌથી વધુ અસર ફ્રાન્સમાં જોવા મળી રહી છે. પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે, લોકો માટે AC અને કૂલિંગ સિસ્ટમ વગર ઘરમાં રહેવું મુશ્કેલ બની રહ્યું છે. આ દરમિયાન ફ્રાન્સનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેને જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. હકીકતમાં એક વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે જેમાં જોઈ શકાય છે કે, જેવા જ એક સ્ટોરના દરવાજા ખુલે છે, બહાર ઉભેલા લોકો ઝડપથી અંદર ભાગવા લાગે છે. દરેક વ્યક્તિ સૌથી પહેલા AC, કૂલર અને અન્ય કૂલિંગ ઉપકરણો ખરીદવાનો પ્રયત્ન કરતી જોવા મળી રહી છે. કેટલાક લોકો તો સામાન લેવા માટે એટલી ઉતાવળમાં દેખાયા કે દુકાનની અંદર થોડીવાર માટે નાસભાગ જેવો માહોલ સર્જાઈ ગયો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X) પર @gharkekalesh નામના એકાઉન્ટ પરથી શેર કરવામાં આવ્યો છે. વીડિયોના કેપ્શનમાં જણાવવામાં આવ્યું છે કે, ફ્રાન્સમાં વધતી ગરમીના કારણે AC અને કૂલરની ભારે અછત થઈ ગઈ છે. આ જ કારણ છે કે, લોકો જેવો જ સ્ટોર ખુલે છે, તરત જ સામાન ખરીદવા પહોંચી જાય છે.

જણાવવામાં આવી રહ્યું છે કે, આ ઘટના ફ્રાન્સના ચેમ્બરી શહેરની છે. ત્યાં આજકાલ તાપમાન સતત વધી રહ્યું છે અને કેટલાય વિસ્તારોમાં પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ચૂક્યો છે. યુરોપના કેટલાય ભાગોમાં હીટવેવ ચાલી રહી છે, જેના કારણે લોકોની મુશ્કેલીઓ ઘણી વધી ગઈ છે. સામાન્ય રીતે યુરોપિયન દેશોમાં આટલી ગરમી ઓછી જોવા મળે છે. આ જ કારણ છે કે, ત્યાં મોટાભાગના ઘરોમાં પહેલાથી AC નથી હોતા. પરંતુ આ વખતે ગરમીએ લોકોને મજબૂર કરી દીધા છે કે, તેઓ વહેલામાં વહેલી તકે પોતાના ઘરો માટે AC, પંખા અથવા તો કૂલર લગાવે. વીડિયો વાયરલ થયા પછી સોશિયલ મીડિયા પર લોકો વિવિધ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. કેટલાક યુઝર્સનું કહેવું છે કે, તેમણે ફ્રાન્સમાં પહેલા ક્યારેય AC ખરીદવા માટે આવી ભીડ જોઈ નથી. તો વળી કેટલાય લોકોએ મજાકમાં લખ્યું કે, હવે યુરોપના લોકો પણ ભારતીય ગરમીને સમજી શકશે. કેટલાય યુઝર્સે વધતા તાપમાન અને જળવાયુ પરિવર્તનને લઈને ચિંતા પણ વ્યક્ત કરી છે. લોકોનું કહેવું છે કે, આવનારા સમયમાં ગરમી હજુ વધુ વધી શકે છે, તેથી દુનિયાએ અત્યારથી જ સાવધાન થવાની જરૂર છે.

# તંત્રી લેખ......

## ડ્રગ હેરફેર

ડ્રગ હેરફેર કરનારાઓની પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને, ગૃહમંત્રી અમિત શાહે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ કાયદામાં સુધારાની જરૂરિયાત વ્યક્ત કરી છે, જેનો શક્ય તેટલી વહેલી તકે અમલ થવો જોઈએ. રાજ્ય સરકારો માટે આ કાયદામાં ઈચ્છિત સુધારા માટે તાત્કાલિક સૂચનો રજૂ કરવા યોગ્ય રહેશે, કારણ કે ડ્રગ હેરફેર કરનારાઓ સામે લડવામાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ છે.

તેઓ એનડીપીએસ કાયદામાં રહેલી છટકબારીઓથી પણ વાકેફ છે જેનો ડ્રગ હેરફેર કરનારાઓ ઉપયોગ કરે છે. નિઃશંકપણે, ડ્રગ હેરફેર કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે, પરંતુ એ પણ એક હકીકત છે કે તેમની હિંમત અટલ રહે છે, જેનો પુરાવો એ છે કે નાર્કોટિક્સ બ્યુરો અને અન્ય એજન્સીઓના પ્રયાસો છતાં, દેશમાં મોટા પ્રમાણમાં ડ્રગ્સની દાણચોરી થઈ રહી છે.

કેટલાક રાજ્યોમાં, ખાસ કરીને સરહદી રાજ્યોમાં, ડ્રગ્સની હેરફેરની પ્રવૃત્તિઓ ખાસ કરીને પ્રચલિત છે. પંજાબ, તેમજ ઉત્તરપૂર્વીય રાજ્યો આમાં અગ્રણી છે. ભારતમાં ખાસ કરીને પાકિસ્તાન, મ્યાનમાર અને ઈરાનથી મોટી માત્રામાં ડ્રગ્સ આવી રહ્યા છે. એવું પણ જોવા મળી રહ્યું છે કે છેલ્લા કેટલાક સમયથી, દેશમાં ગુપ્ત રીતે ડ્રગ્સનું ઉત્પાદન થઈ રહ્યું છે. આ નિઃશંકપણે એક પડકાર છે.

દેશમાં ડ્રગ્સનો વધતો ધસારો એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે ૨૦૦૪ થી ૨૦૧૪ દરમિયાન ૨.૬ મિલિયન કિલોગ્રામ સિન્થેટિક ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા, જ્યારે ૨૦૧૪ થી ૨૦૨૬ દરમિયાન ૧૧.૮ મિલિયન કિલોગ્રામ જપ્ત કરવામાં આવ્યા હતા. જ્યારે આ ડ્રગ હેરફેરને રોકવામાં સંબંધિત એજન્સીઓની સતત સફળતા દર્શાવે છે, તે ડ્રગ હેરફેર કરનારાઓની વધતી જતી હિંમતને પણ પ્રકાશિત કરે છે.

ડ્રગ હેરફેર કરનારાઓ પર કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત વધી ગઈ છે કારણ કે ડ્રગ હેરફેર માત્ર યુવા પેઢીના ભવિષ્યને જ બગાડતું નથી, પરંતુ તેના હેરફેર કરનારાઓ રાષ્ટ્રની સુરક્ષા માટે પણ ખતરો ઉભો કરે છે. એ કોઈ રહસ્ય નથી કે ગુનેગારો ડ્રગ હેરફેરમાંથી મળેલા પૈસાથી અત્યાધુનિક શસ્ત્રો ખરીદે છે.

અસંખ્ય ગુનાહિત ગેંગો છે જે તેમના ગુનાહિત નેટવર્ક બનાવવા માટે ડ્રગ્સનો વેપાર કરે છે. તેવી જ રીતે, ઘણા આતંકવાદી સંગઠનો પણ ડ્રગ્સનો વેપાર કરે છે. એ વાત સાચી છે કે ડ્રગ હેરફેર સામે શૂન્ય સહિષ્ણુતા નીતિ અપનાવવાની વાત થઈ રહી છે, પરંતુ જ્યાં સુધી ડ્રગ ડીલરો દબાણમાં ન આવે ત્યાં સુધી આ નીતિના ઈચ્છિત પરિણામો પ્રાપ્ત થઈ શકતા નથી.

### અમદાવાદમાં ફાયર સેફટી મુદ્દે કાર્યવાહી

## ૧૫૪ હોટલ-૬૨ કોચિંગ ક્લાસને નોટિસ, ૧૩ હોટલ સહિત ૧ સંસ્થા સીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના લોકો અને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ફાયર વિભાગની જુદી જુદી ટીમો દ્વારા શહેરની હોટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ ક્લાસિસમાં એક વ્યાપક ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ મેગા ડ્રાઈવ દરમિયાન ફાયર સેફ્ટીના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરનારા એકમો સામે નોટિસોનો સપાટો બોલાવવામાં આવ્યો છે, જ્યારે ભારે બેદરકારી દાખવનાર ૧૩ હોટલો અને ૧ શૈક્ષણિક સંસ્થા સહિત કુલ ૧૪ એકમોને સીલ કરાઈ છે.

અમદાવાદમાં હાથ ધરાયેલી આ ઝુંબેશમાં કુલ ૧૫૪ હોટલોને અને ૬૨ શૈક્ષણિક તથા કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે, જ્યારે નિયમોના ગંભીર ભંગ બદલ ૧૩ હોટલો તેમજ એક શૈક્ષણિક/કોચિંગ સંસ્થાને સીલ કરવામાં આવી છે. ઝોનવાર કાર્યવાહી પર નજર કરીએ તો સાઉથ વેસ્ટ ઝોનમાં ૨૦ હોટલોને નોટિસ આપવામાં આવી છે. સાઉથ ઝોનમાં ૧૩ હોટલો અને ૩ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે.

●સેન્ટ્રલ ઝોનમાં ૨૭ હોટલો તેમજ ૮ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓ સામે નોટિસની કાર્યવાહી કરવામાં આવી છે.

●નોર્થ વેસ્ટ ઝોનમાં ૨૪ હોટલો અને ૫ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે, જ્યારે નિયમોના ગંભીર ભંગ બદલ ૬ હોટલોને સીલ કરવામાં આવી છે. ઈસ્ટ ઝોનમાં ૧૬ હોટલો અને ૨૪ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે.

●વેસ્ટ ઝોનમાં સૌથી વધુ કાર્યવાહી કરવામાં આવી હતી, જ્યાં ૪૭ હોટલો અને ૧૨ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી હતી તેમજ ૭ હોટલો અને એક શૈક્ષણિક/કોચિંગ સંસ્થાને સીલ કરવામાં આવી હતી. નોર્થ ઝોનમાં ૭ હોટલો અને ૧૦ શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ ફટકારવામાં આવી છે.

અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ વિભાગના જણાવ્યા અનુસાર શહેરમાં ફાયર સેફ્ટીના નિયમોનું કડક પાલન થાય તેમજ નાગરિકોના જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત રહે તે માટે આવી ચકાસણી અને અમલીકરણની કાર્યવાહી આગામી સમયમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે. ફાયર સેફ્ટી સંબંધિત નિયમોનું પાલન ન કરનાર સંસ્થાઓ અને એકમો સામે નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૨૭/૦૬/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૪૭૯ | ૧,૨૫૦.૦૦ | ૧,૬૫૩.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૩૯૦.૦૦ | ૧,૪૦૫.૦૦ |
| ૩ | ઘઉં | ૩૨૪ | ૪૬૦.૦૦ | ૫૭૧.૦૦ |
| ૪ | બાજરી | ૧૫૮ | ૪૫૦.૦૦ | ૪૬૭.૦૦ |
| ૫ | મકાઇ | ૧૨૫ | ૪૭૬.૦૦ | ૪૮૧.૦૦ |
| ૬ | ચણા (કાબુલી ) | ૧૧ | ૧,૧૦૦.૦૦ | ૧,૫૭૫.૦૦ |
| ૭ | ગવાર | ૪૧ | ૯૬૬.૦૦ | ૧,૦૫૦.૦૦ |
| ૮ | સોયાબીન | ૨ | ૧,૩૦૦.૦૦ | ૧,૩૫૧.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ ભાવનગર પરા ખાતે વિકાસ અને નિર્માણ કાર્યોનું કર્યું સઘન નિરીક્ષણઃ સંરક્ષા, ગુણવત્તા, સમયબદ્ધતા અને હરિત વાતાવરણ પર આપ્યો વિશેષ ભાર

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ શનિવાર, ૨૭ જૂન, ૨૦૨૬ના રોજ ભાવનગર પરા વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ વિકાસ અને આધારભૂત સુવિધાઓ સંબંધિત કાર્યોનું સઘન નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે એલ.સી. નં. ૨૧૮ પર નિર્માણાધીન રોડ અન્ડર બ્રિજ (RUB), રેલવે કોલોની, રેલવે કર્મચારીઓના બાળકો માટે પુનર્જીવિત કરવામાં આવી રહેલા બાલ રેલ ઉદ્યાન, નિર્માણાધીન ટેનિસ કોર્ટ તેમજ અધિકારી વિશ્રામ ગૃહમાં ચાલી રહેલા સમારકામ અને આધુનિકીકરણના કાર્યોનું વિસ્તૃત અવલોકન કર્યું. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે





મંડળ રેલ પ્રબંધકે નિરીક્ષણ દરમિયાન તમામ નિર્માણ કાર્યોની પ્રગતિ, ગુણવત્તા તેમજ નિર્ધારિત સંરક્ષા ધોરણોના પાલનની વિસ્તૃત સમીક્ષા કરી હતી. તેમણે સંબંધિત અધિકારીઓને સૂચના આપી કે તમામ કાર્યો ઉચ્ચ ગુણવત્તાના ધોરણો મુજબ અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે, જેથી કર્મચારીઓ અને મુસાફરોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે.

શ્રી વર્માએ રેલવે કોલોનીઓ અને અન્ય પરિસરોમાં સ્વચ્છ, સુરક્ષિત અને હરિયાળું વાતાવરણ વિકસાવવા પર વિશેષ ભાર મૂક્યો. તેમણે માર્ગોની બાજુમાં આવેલા ખાલી વિસ્તારો તેમજ પુનર્જીવિત થઈ રહેલા બાલ રેલ ઉદ્યાનના વોકિંગ ટ્રેકની બાજુમાં વ્યાપક વૃક્ષારોપણ કરવાની સૂચના આપી. તેમણે જણાવ્યું કે હરિયાળું વાતાવરણ માત્ર પર્યાવરણ સંરક્ષણમાં જ મદદરૂપ નથી બનતું, પરંતુ કર્મચારીઓ અને તેમના પરિવારો માટે વધુ સારું જીવનપરિવેશ પણ સુનિશ્ચિત કરે છે. નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે અધિકારીઓને મુસાફરોને સુરક્ષિત, સુગમ અને ગુણવત્તાસભર રેલ સેવા ઉપલબ્ધ કરાવવા માટે તમામ વિકાસ કાર્યોમાં સંરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા તેમજ કાર્યોની નિયમિત દેખરેખ રાખવાની સૂચના આપી. તેમણે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પરસ્પર સંકલન, ટીમ ભાવના અને કાર્યક્ષમતાથી પોતાની જવાબદારીઓ નિભાવતા ભાવનગર મંડળને ઉત્તમતા તરફ આગળ વધારવામાં સક્રિય યોગદાન આપવા અપીલ કરી. આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત ભાવનગર મંડળના વિવિધ વિભાગોના શાખા અધિકારીઓ અને સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

### રેલવે કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને સ્વસ્થ અને નશામુક્ત જીવનશૈલી અપનાવવા પ્રેરિત કરવામાં આવ્યા

## પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળ દ્વારા "નશા મુક્ત ભારત અભિયાન" અંતર્ગત વ્યાપક જનજાગૃતિ અભિયાનનું આયોજન

આંતરરાષ્ટ્રીય માદક દ્રવ્યોના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર વિરોધી દિવસ (૨૬ જૂન) નિમિત્તે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા તા. ૧૭ જૂનથી ૨૬ જૂન, ૨૦૨૬ દરમિયાન "નશા મુક્ત ભારત અભિયાન"નું સફળ આયોજન કરવામાં આવ્યું. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ આયોજિત આ દસ દિવસીય અભિયાનનો મુખ્ય હેતુ રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો તથા સ્થાનિક સમાજમાં નશાના દૂષ્પરિણામો અંગે જાગૃતિ લાવવી તેમજ સ્વસ્થ અને નશામુક્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવું હતો. આ વર્ષની અભિયાનની થીમ "નશા મુક્ત ભારત અભિયાન – વિકસિત ભારતની ઓળખ" હતી.

અભિયાન અંતર્ગત ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલ ઉપરાંત જેતલસર, વેરાવળ, ધોળા, જૂનાગઢ, પોરબંદર અને બોટાદ ખાતે આવેલી આરોગ્ય એકમો તથા સંબંધિત રેલવે કોલોનીઓમાં







વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમો દ્વારા કર્મચારીઓ અને તેમના પરિવારજનોને દારૂ, તમાકુ, ગુટખા તથા અન્ય માદક પદાર્થોના શારીરિક, માનસિક અને સામાજિક દૂષ્પરિણામોની વિસ્તૃત માહિતી આપવામાં આવી.

રેલવે કોલોનીઓમાં આરોગ્ય વિભાગની ટીમો દ્વારા ઘર-ઘર જઈને જનસંપર્ક અભિયાન ચલાવવામાં આવ્યું, જેમાં લોકોને નશો છોડવા, સ્વસ્થ જીવનશૈલી અપનાવવા તથા પરિવાર અને સમાજમાં સકારાત્મક વાતાવરણ જાળવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા. આ દરમિયાન નશા મુક્તિ સંબંધિત પેમ્ફલેટ તથા જાગૃતિ સાહિત્યનું પણ વિતરણ કરવામાં આવ્યું.

અભિયાન દરમિયાન મંડળના વિવિધ આરોગ્ય કેન્દ્રોમાં તબીબો તથા આરોગ્ય નિરીક્ષકો દ્વારા આરોગ્ય જાગૃતિ વ્યાખ્યાનો (Health Talks) યોજવામાં આવ્યા. તેમાં ભાગ લેનારાઓને નશાથી થતા ગંભીર દૂષ્પરિણામો, તેનાથી બચવાના ઉપાયો તથા નશામુક્ત જીવનના લાભો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી. સાથે જ ઉપસ્થિત કર્મચારીઓ તથા તેમના પરિવારજનોને નશાથી દૂર રહેવા અને સમાજને નશામુક્ત બનાવવાની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી.

જનજાગૃતિને વધુ અસરકારક બનાવવા માટે મંડળ રેલવે હોસ્પિટલ તથા તમામ આરોગ્ય એકમોમાં આકર્ષક પોસ્ટર અને બેનરો પ્રદર્શિત કરવામાં આવ્યા. ઉપરાંત, નશો છોડવા ઈચ્છુક વ્યક્તિઓને ઉપલબ્ધ તબીબી સારવાર, કાઉન્સેલિંગ સેવાઓ તથા પુનર્વસન સંબંધિત સહાય અંગે પણ માહિતી આપવામાં આવી.

પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળનું આ અભિયાન કર્મચારીઓ તથા તેમના પરિવારજનોમાં નશા પ્રત્યે જાગૃતિ વધારવા, સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા અને સમાજમાં નશામુક્ત વાતાવરણના નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ અને અસરકારક પહેલ સાબિત થયું. મંડળ પ્રશાસને તમામ કર્મચારીઓ તથા નાગરિકોને "નશા મુક્ત ભારત – વિકસિત ભારત"ના સંકલ્પને સાકાર કરવા સક્રિય સહભાગી બનવા માટે અપીલ કરી છે.

### મહિલા ટિકિટ ચેકરની દાદાગીરી અને હિંસક વર્તન

## ટિકિટના વિવાદમાં મહિલા ટિકિટ ચેકરે મુસાફર યુવતીને માર્યો ઢોર માર

### હાથમાં ગંભીર ફ્રેક્ચર અને શરીરે નખના નિશાન સાથે પીડાથી કણસતી કાજલ રાયને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે મહેસાણાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા રેલ્વે સ્ટેશન પરથી કાયદો અને વ્યવસ્થા તેમજ મુસાફરોની સુરક્ષા સામે સવાલો ઉભા કરતી એક અત્યંત આઘાતજનક ઘટના સામે આવી છે. વડોદરાથી ટ્રેન મારફતે મહેસાણા આવેલી કાજલ રાય નામની યુવતી પર પ્લેટફોર્મ નંબર ૧ પર જ લોહીલુહાણ હુમલો કરવામાં આવ્યો હતો. મળતી વિગતો મુજબ, કાજલ રાયના પિતા અનિલરાય મહેસાણામાં જ રહે છે અને ત્યાં 'રામરોટી' ચલાવે છે. દીકરી કાજલ પોતાના પિતાને મળવા માટે વડોદરાથી ટ્રેન પકડીને મહેસાણા સ્ટેશન પર ઉતરી હતી, જ્યાં તેની સાથે આ કમનસીબ ઘટના ઘટી હતી.ટ્રેનમાંથી ઉતરેલી કાજલ રાય સાથે ટિકિટ ચેક કરવા બાબતે ત્યાં ફરજ પર તૈનાત લક્ષ્મી નામની મહિલા ટિકિટ ચેકરને કોઈ વાત પર ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ એટલો વધી ગયો કે મહિલા ટીસી લક્ષ્મીએ તમામ મર્યાદાઓ નેવે મૂકીને કાજલ પર હિંસક હુમલો કરી દીધો હતો. મહિલા ટીસીએ કાજલ રાયને પ્લેટફોર્મ પર જ જાહેરમાં ઢોર માર માર્યો હતો અને તેના શરીર પર નખના ઘા મારીને લોહીલુહાણ કરી દીધી હતી. આ હુમલો એટલો ભયાનક હતો કે ઝપાઝપી દરમિયાન ઈજાગ્રસ્ત કાજલ રાયનો હાથ પણ ભાંગી ગયો હતો.

હાથમાં ગંભીર ફ્રેક્ચર અને શરીરે નખના નિશાન સાથે પીડાથી કણસતી કાજલ રાયને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે મહેસાણાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં હાલ તબીબો દ્વારા તેની સારવાર કરવામાં આવી રહી છે. રેલ્વેના જવાબદાર કર્મચારી દ્વારા જ એક મહિલા મુસાફર સાથે આ પ્રકારનું અમાનવીય વર્તન કરવામાં આવતા રેલ્વે પ્રશાસનની છબી ખરડાઈ છે. પીડિતાના પરિવારે આ મામલે રેલ્વે પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે અને દાદાગીરી કરનાર મહિલા ટીસી સામે કડક પગલાં લેવાની માંગ કરી છે.

## બેઈજિંગની સૌથી ઊંચી ઈમારત સાથે નાનું વિમાન અથડાતાં અફરાતફરી

(સંપૂર્ણ સમાચાર સેવા)બીજિંગ

ચીનની રાજધાની બેઈજિંગમાં શુક્રવારે સાંજે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. અહીં આવેલી સૌથી ઊંચી ઈમારત 'ચાઈના જુન ટાવર' (સીઆઈટીઆઈસી ટાવર) સાથે એક નાનું વિમાન અથડાતા ખળભળાટ મચી ગયો છે. જોકે આ ઘટનામાં હોનારતનો કોઈ અહેવાલ નથી. સ્થાનિક સમય મુજબ સાંજે લગભગ ૬:૦૦ વાગ્યે, સેન્ટ્રલ બિઝનેસ ડિસ્ટ્રિક્ટમાં આવેલી ૧૦૯ માળની આ ગગનચુંબી ઈમારત સાથે બી-૧૨પીપી મોડેલનું વિમાન ટકરાયું હતું. ટક્કર એટલી પ્રચંડ હતી કે ઈમારતની બારીઓ તૂટી ગઈ અને વિમાનના ટુકડા રસ્તા પર ફંગોળાયા હતા. આ વિમાને શિફોસી એરપોર્ટથી ઉડાન ભરી હતી, પરંતુ અડધા કલાક બાદ રડાર સાથે તેનો સંપર્ક તૂટી ગયો હતો. ૧,૭૦૦ ફૂટ ઊંચી ઈમારત સાથે વિમાનનું અથડાવું એક અત્યંત દુર્લભ ઘટના માનવામાં આવે છે, જેથી સમગ્ર વિશ્વની નજર આ તપાસ પર છે. ઘટના બાદ તરત જ ઈમારતને ખાલી કરાવીને સુરક્ષા વધારી દેવામાં આવી છે. ફાયર બ્રિગેડ અને બચાવ દળો દ્વારા તાત્કાલિક રાહત કામગીરી શરૂ કરાઈ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં ટાવર પાસેથી ધુમાડો નીકળતો અને કાટમાળ પડતો સ્પષ્ટ જોઈ શકાય છે. અધિકારીઓ દ્વારા મૃતકો કે ઘાયલોની કોઈ જ સત્તાવાર પુષ્ટિ કરાઈ નથી. ચીનના સત્તાવાળાઓ દ્વારા જાનહાનિ કે ઈજાઓ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

### પરિવારમાં શોકનો માહોલ

## ફેમસ એક્ટર-ડાયરેક્ટર કે. ભાગ્યરાજનું હાર્ટ એટેકથી નિધન

(સંપૂર્ણ સમાચાર સેવા)ચેન્નઈ

તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી એક દુખદ સમાચાર સામે આવ્યા છે. જોરદાર સ્ક્રિપ્ટ રાઈટિંગ અને નિર્દેશનથી દર્શકોનાં દિલ પર રાજ કરનાર દિગ્ગજ ફિલ્મમેકર કૃષ્ણસ્વામી ભાગ્યરાજ (કે.ભાગ્યરાજ) નું શનિવારનાં રોજ હૃદયરોગના હુમલાથી નિધન થયું છે, જેમને સિનેમા જગતમાં પટકથાનાં જાદુગર માનવામાં આવતા હતા. ભાગ્યરાજનું નિધન થતા ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. કે. ભાગ્યરાજનાં નિધન પર દુખ વ્યક્ત કરતા ફેમસ નિર્દેશક એમ. રાજેશે સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરી છે. તેમને લખ્યું છે કે, ભગવાન તમારી આત્માને શાંતિ આપે. ફિલ્મમેકરનાં નિધનનાં સમાચાર મળતા જ લોકો સોશિયલ મીડિયા પર શ્રદ્ધાંજલિ આપી રહ્યાં છે. મુખ્યમંત્રી વિજય, કમલ હાસન સહિતના દિગ્ગજોએ શ્રદ્ધાંજલિ આપી હતી. ૭ જાન્યુઆરી ૧૯૫૩ નાં રોજ તમિલનાડુમાં જન્મેલા કે. ભાગ્યારાજે તેમનાં કરિયરમાં ૭૫થી વધારે ફિલ્મોમાં કામ કર્યું છે. તે અભિનેતા હોવાની સાથે-સાથે સારા નિર્દેશક અને સ્ક્રીનપ્લેનાં પણ માસ્ટર હતા. તેમની સૌથી મોટી ખાસિયત એ હતી કે તે ગંભીર સામાજિક મુદ્દાઓને પણ બહુ સામાન્ય રીતે પડદા પર પ્રેઝન્ટ કરતા હતા. આ કારણે તેમની ફિલ્મો દર્શકોને ખૂબ પસંદ પડતી હતી. સુપરહિટ ફિલ્મોની વાત કરવામાં આવે તો આ લિસ્ટ બહુ લાંબુ છે, જેમાં અંધા ૭ નાટકાલ, મુંધાનઈ મુદિચુ, થુરલ નિન્નુ પોચુ, ડાર્લિંગ ડાર્લિંગ ડાર્લિંગ, ઈધુ નમ્મા આલુ, ઈન્દુ પોઈ નાલઈ વા, મૌના ગીથાંગલ અને રુદ્ર જેવી અનેક કલ્ટ ક્લાસિક શામેલ છે. આ ફિલ્મની કહાની દર્શકોને ખૂબ પસંદ પડી હતી. કે ભાગ્યરાજની કહાનીમાં એવો જાદુ હતો કે તેમની ફિલ્મો હિન્દી, કન્નડ, તેલુગુ અને ઓરિસ્સા સહિત અનેક ભારતીય ભાષાઓમાં ડબ તેમજ રીમેક કરવામાં આવી છે. આમ, એક સારા લેખક અને નિર્દેશક હોવાની સાથે-સાથે ભાગ્યરાજ એક શાનદાર અભિનેતા પણ હતા, જેમને અનેક ફિલ્મોમાં લીડ રોલ પણ પ્લે કર્યો હતો.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ચોમાસામાં આચાર્ય-શિક્ષકોને પૂર્વ મંજુરી વગર હેડકવાર્ટર ન છોડવા આદેશ: સરકારે કરી ગાઈડ લાઈન જાહેર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત અને નવા શૈક્ષણિક સત્રને ધ્યાનમાં રાખીને રાજય સરકારના સ્કુલ શિક્ષણ વિભાગે તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કુલો માટે વિશેષ સેફટી ગાઈડ લાઈન જાહેર કરી છે. ભારે વરસાદ, પુર જેવી પરિસ્થિતિઓ દરમિયાન વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આગોતરા પગલા લેવા સુચના આપવામાં આવી છે.



પરીપત્ર અનુસાર ચોમાસા દરમિયાન સ્કુલમાં અથવા વિદ્યાર્થીઓ સાથે કોઈપણ પ્રકારની દુર્ઘટના ન બને તે માટે વરસાદ શરૂ થાય તે પહેલા તમામ જરૂરી સમારકામની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. સ્કુલોમાં લટકતા વીજ વાયરો, ઈલેકટ્રીક ફીટીંગ, દિવાલો અને છતની મરામત સહિતની કામગીરી સમયસર પૂર્ણ કરવા જણાવાયુ છે. જરૂરીયાત મુજબ સ્થાનિક તંત્રની મદદ લેવાની પણ સુચના આપવામાં આવી છે. ગુજરાતમાં ચોમાસાના પ્રારંભ સાથે જ સરકારે સ્કુલો માટે સેફટી ગાઈડ લાઈન જાહેર કરી છે. આચાર્ય- શિક્ષકોને સ્કુલમાં વરસાદ પહેલા ઈલેકટ્રીક સમારકામ સહિતના કામો પૂર્ણ કરવા આદેશ કરાયો છે. દુર્ઘટના ટાળવા લટકતા વાયરો દુર કરવા, વોટર સ્પાઉટ સાફ કરવા, તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનનો અમલ કરવા જણાવાયુ છે.

સરકારે સ્કુલોને છત પરના વોટર સ્પાઉટની સફાઈ કરવા, વધુ પાણી ભરાતી જગ્યાઓ સ્વચ્છ રાખવા, જુના અને જોખમી ફર્નીચરને દુર કરવા તેમજ એમસીબી અને એલસીબી જેવા સુરક્ષા વ્યવસ્થાઓ કાર્યરત રાખવા જણાવ્યુ છે. ઉપરાંત જોખમજનક વિસ્તારોમાં ચેતવણી દર્શાવતા બોર્ડ લગાડવાના રહેશે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકીઓને લોક મારીને બંધ રાખવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. ચોમાસા દરમિયાન આપત્તિ સર્જાય તો તેનો અસરકારક રીતે સામનો કરી શકાય તે માટે દરેક સ્કુલમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનનો અમલ કરવો ફરજીયાત બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્કુલોના નોટીસ બોર્ડ પર સ્થાનિક તલાટી, ડોકટર, તરવૈયા, ફાયરબ્રિગેડ સેવા અને એમ્બ્યુલન્સ સહિતના મહત્વના સંપર્ક નંબર લખવા તાકીદ કરવામાં આવી છે. ભારે વરસાદ અથવા પુર જેવી સ્થિતિમાં આચાર્ય અને શિક્ષકોને પૂર્વ મંજુરી વિના મથક ન છોડવા પણ સુચના આપવામાં આવી છે. સરકારના આ પગલાનો મુખ્ય હેતુ ચોમાસા દરમિયાન વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવો અને કોઈપણ પ્રકારની દુર્ઘટના અટકાવવાનો છે.

# ગુજરાત રાજયની તમામ સરકારી કચેરીઓમાં એ.સી.નુ ટેમ્પરેચર ૨૪ ડીગ્રી સેલ્સિયસ રાખવુ ફરજીયાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગ્લોબલ વોર્નીંગ અને દિન પ્રતિદિન વધતા જતા તાપમાનને કારણે વિજળીની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિને પહોચી વળવા માટે રાજયની તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓ, બોર્ડ-કોર્પોરેશનો અને જાહેર ઈમારતોમાં ઉર્જા કાર્યક્ષમતા તેમજ બચત માટે એક વ્યાપક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.



ગુજરાત સરકારના ઉર્જા બચાવો અભિયાન અંતર્ગત ઉર્જા અને પેટ્રો કમિકલ તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા સંયુકત રીતે આયોજીત આ અભિયાનનો મુખ્ય ઉદેશ કામકાજની ક્ષમતાને અસર કર્યા વિના બિન જરૂરી વીજ વપરાશ ઘટાડીને નાણાંકીય શિસ્ત અને પર્યાવરણીય લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાનો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અને ઉર્જામંત્રી ઋષીકેશ પટેલ અને મંત્રી કૌશિક વેકરીયાના નેતૃત્વમાં રાજય સરકાર તમામ જાહેર ક્ષેત્રોમાં ઉર્જા કાર્યક્ષમતા, ઉર્જા ઉત્પાદન, ટકાઉ વિકાસ અને ખર્ચ-અસરકારકતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબધ્ધ છે. રાજયની સરકારી કચેરીઓ અને વહિવટી ઈમારતોએ સંસ્થાકીય વિજળી વપરાશનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

જયાં કામકાજની ક્ષમતાને અસર કર્યા વિના મોટા પ્રમાણમાં ઉર્જા બચાવી શકાય છે. જેને અનુલક્ષીને રાજય સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા મુજબ વીજ બચતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કચેરીને રાજય સરકાર દ્વારા સન્માનિત પણ કરવામાં આવશે. બીઈઈ ના નોટીફીકેશન અનુસાર તમામ સરકારી કચેરીઓમાં એરકન્ડીશરનુ ડીફોલ્ટ ટેમ્પરેચર સેટીંગ ફરજીયાત ૨૪ ડીગ્રી સેલ્સિયસ રાખવાનુ રહેશે. આ ઉપરાંત મેન્યુઅલ ભુલ ને કારણે થતો વીજ વ્યય અટકાવવા માટે કચેરીના કોરીડોર્સ, મીટીંગ રૂમ, પાર્કિંગ એરીયા અને શૌચાલયોમાં આપમેળે કામ કરતા ઓકયુપન્સી સેન્સર્સ અને ટાઈમર આધારીત ઓટોમેશન કંટ્રોલ સિસ્ટમ્સ સ્થાપિત કરવામાં આવશે. કચેરી સમય બાદ એટલે કે સાંજે ૬ વાગ્યા પછી વોટર કુલર બંધ રાખવા અને સવારે ૯ વાગ્યા પછી જ ચાલુ કરવાની ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

ઉર્જા ક્ષેત્રે મોટા સુધારાના ભાગરૂપે તમામ સરકારી ઈમારતોમાં જુની પરંપરાગત લાઈટોને બદલીને વિજળી બચાવતી આધુનિક એલઈડી લાઈટો લગાડવામાં આવશે અને ભવિષ્યની ખરીદીમાં ફાઈવસ્ટાર રેટીંગવાળા સાધનોને જ પ્રાથમિકતા અપાશે. મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સેન્ટ્રલાઈઝ કંટ્રોલ મોનીટરીંગ સિસ્ટમ મારફતે સ્ટ્રીટ લાઈટો ચાલુ બંધ કરવાનો સમય સુર્યોદય અને સુર્યાસ્તના ખગોળીય સમય સાથે સેન્ટ્રલ લીંક કરી દરરોજ ૬૦ મીનીટની સીધી વીજ બચત કરાશે. એટલુ જ નહી રાત્રે ૧૨ વાગ્યા થી સવારે ૪ વાગ્યા સુધીના ઓછા ટ્રાફીકવાળા સમયે પ્રાયોગીક ધોરણે એકાંતરે પોલની લાઈટો બંધ રાખવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

રાજય સરકારના આ આદેશોનો યોગ્ય અમલ થાય તે માટે દેખરેખ નુ યોગ્ય માળખુ તૈયાર કરવામાં આવ્યુ છે. તમામ વિભાગોએ આગામી ૪૫ દિવસની અંદર પોતાનો ઓફીસ એનર્જી ઓફીશીયન્સી પ્લાન તૈયાર કરી ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી અને જીઈડી અને સબમીટ કરવાનો રહેશે. આ ઉપરાંત ઉર્જા વપરાશ અંગેના ત્રિમાસિક અહેવાલો મોકલવાના અને દર વરસે થર્ડ પાર્ટી એનર્જી ઓડીટર્સ દ્વારા ફરજીયાત ઉર્જા ઓડીટ કરાવવાનુ રહેશે. જે કચેરીઓ આ અભિયાનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરશે તેમને પ્રોત્સાહિત કરી સન્માનિત પણ કરવામાં આવશે.

# જયપુરથી આવેલા પ્રવાસી પરિવારના ૧૦ બાળકોને ફૂડ પોઈઝનિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લામાં યાત્રાળુઓ અને પ્રવાસીઓની સુવિધા વચ્ચે ખાદ્યપદાર્થોની ગુણવત્તામાં થતી બેદરકારીનો વધુ એક ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

રાજસ્થાનના જયપુરથી સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવેલા એક પ્રવાસી પરિવારના બાળકો સ્થાનિક હોટેલના વાસી અથવા દૂષિત ખોરાકનો ભોગ બન્યા છે. હરવા-ફરવાના માહોલ વચ્ચે અચાનક ૧૦ જેટલા બાળકોની તબિયત બગડતાં પ્રવાસી પરિવાર ભારે આઘાતમાં મુકાયો છે.

જયપુરનો આ પરિવાર ગીર સોમનાથમાં પ્રવાસ દરમિયાન હાઈવે અથવા સ્થાનિક વિસ્તારમાં આવેલી 'શિવશક્તિ રેસ્ટોરન્ટ' ખાતે નાસ્તો કરવા માટે રોકાયો હતો. પરિવારના તમામ બાળકોએ ત્યાં નાસ્તો કર્યો હતો. જો કે, નાસ્તો કર્યાના ગણતરીના કલાકોમાં જ એક પછી એક તમામ ૧૦ બાળકોને પેટમાં અસહ્ય દુખાવો, ચક્કર અને ઉલ્ટી-દસ્તની ફરિયાદ શરૂ થઈ હતી.

બાળકોની સ્થિતિ કથળતા પરિવારે સ્થાનિક લોકોની મદદથી તુરંત નજીકના સરકારી દવાખાને દોડધામ કરી હતી. તબીબી પરીક્ષણ બાદ ડોક્ટરોએ આ તમામ બાળકોને ફૂડ પોઈઝનિંગ થઈ હોવાની પુષ્ટિ કરી હતી. ૧૦ બાળકોમાંથી ૮ બાળકોને વધુ દેખરેખ અને સારવારની જરૂરિયાત જણાતા સામુહિક આરોગ્ય કેન્દ્રખાતે દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમને આઈવી ફ્લુઈડ અને જરૂરી દવાઓ આપવામાં આવી રહી છે. જ્યારે અન્ય ૨ બાળકોને ઝેરી ખોરાકની સામાન્ય અસર હોવાથી પ્રાથમિક સારવાર બાદ ઝડપથી રાહત મળી ગઈ હતી.

યાત્રાધામોમાં લાખો પ્રવાસીઓ આવતા હોવા છતાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા હોટેલોમાં નિયમિત ચેકિંગ કેમ કરવામાં આવતું નથી, તેવા ગંભીર સવાલો સ્થાનિક નાગરિકો અને પ્રવાસીઓ ઉઠાવી રહ્યા છે.

### રૂ.૧.૦૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

# નદીના પટમાંથી ચાલતું કરોડોનું રેતી ખનન ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી ગેરકાયદેસર ખનીજ ચોરી સામે વન મેન આર્મી ગણાતા અધિકારીની ટીમે એક મોટી અને સફળ કાર્યવાહી કરી છે. રાજકોટ રેન્જ આઈજી (IG) નિર્લિપ્ત રાયની ખાસ સ્કોડને એક ચોક્કસ બાતમી મળી હતી કે જામનગર નજીક આવેલા ખીમરાણા ગામની સીમમાંથી પસાર થતી રૂપારેલ નદીના પટમાં મોટા પાયે ગેરકાયદેસર રેતી ખનન (માફિયા પ્રવૃત્તિ) ચાલી રહી છે. આ બાતમીના આધારે રેન્જ આઈજીની ટીમે સ્થાનિક તંત્રને સાથે રાખ્યા વિના જ ઓચિંતો અને દિલધડક દરોડો પાડ્યો હતો, જેના કારણે ખનીજ માફિયાઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

નદીના પટમાં પડેલા આ દરોડા દરમિયાન વન વિભાગ અને પોલીસની સંયુક્ત કડક કાર્યવાહીમાં ઘટનાસ્થળેથી ગેરકાયદેસર રીતે રેતી ઉલેચતા ભારેખમ મશીનો ઝડપાયા હતા. રેન્જ આઈજીની ટીમે સ્થળ પરથી રેતી ખનન માટે ઉપયોગમાં લેવાતા જેસીબી (JCB) મશીન, અસંખ્ય ટ્રેક્ટરો અને રેતી વહન કરવાના અન્ય સાધનો સહિત કુલ રૂપિયા ૧.૦૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ખનીજ ચોરીના ગુનામાં વપરાયેલા તમામ વાહનો અને સાધનોને કાયદેસરની પ્રક્રિયા કરીને વહીવટી તંત્ર દ્વારા સીઝ કરી લેવામાં આવ્યા છે.

આ કૌભાંડમાં સીધી રીતે સંકળાયેલા અને નદીની કુદરતી સંપત્તિને નુકસાન પહોંચાડનારા કુલ ૮ શખ્સોને પોલીસે ઘટનાસ્થળેથી અને તપાસના આધારે ઝડપી લીધા છે. આ તમામ ૮ આરોપીઓ સામે ખનીજ ચોરી, પર્યાવરણને નુકસાન પહોંચાડવા અને ગેરકાયદેસર સંગ્રહ કરવા બદલ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની આ કડક કાર્યવાહીના પગલે જામનગર અને આસપાસના જિલ્લાઓમાં સક્રિય ખનીજ માફિયાઓ અને કાળા કારોબાર કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.


**પશ્ચિમ રેલ્વે**

ચર્ચગેટ-વિરાર વિભાગ વચ્ચે ડ્રેનેજ સિસ્ટમમાં સુધારો

સિનિયર ડેન (દક્ષિણ) મુંબઇ સેન્ટ્રલ, મુંબઇ 400 008. ઈ-ટેન્ડર આમંત્રણ આપે છે. નોટિસ નંબર: BCT/26-27/76 તા. 22.06.2026. કાર્ય અને સ્થાન: ચર્ચગેટ-વિરાર વિભાગ- ADEN (T/S) પાલઘર હેઠળ માઇક્રોટનલિંગ પદ્ધતિ દ્વારા વધારાના પાણીનો માર્ગ પૂરો પાડીને ડ્રેનેજ સિસ્ટમમાં સુધારો. કામની અંદાજિત કિંમત: ₹ 6,67,84,367.76/- EMD: ₹ 13,35,700/- સબમિશનની તારીખ અને સમય: તા.17.07.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.17.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0300

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# યુક્રેને હજારો ડ્રોનથી રશિયા પર અત્યાર સુધીનો મોટો હુમલો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)કિવ

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં આશરે ચાર વર્ષથી ચાલી રહેલાં યુદ્ધનો અંત નજીકના સમયમાં આવે તેવી કોઈ શક્યતા નથી જણાઈ રહી. યુક્રેને રશિયાના કબજા હેઠળના ક્રિમીયા અને તેની આસપાસના વિસ્તારો પર અત્યાર સુધીનો સૌથી મોટો અને ભીષણ હુમલો કર્યો છે. હજારો ડ્રોનથી રાતના સમયે કરાયેલાં આ હુમલાને પગલે રશિયા છંછેડાયું છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યાં અનુસાર, તેમની એર ડિફેન્સ સિસ્ટમે આશરે ૬૬૦થી વધુ યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યાં હતાં.

### હાઈકોર્ટની લપડાક બાદ સુરત મહાનગરપાલિકા ૨૮ દિવસ બાદ જાગી :

# નાસીરનગરના અસરગ્રસ્તોને કોમ્યુનિટી હોલ અપાયો પણ સુવિધાઓના નામે મીડું

**કોમ્યુનિટી હોલમાં પણ અસુવિધાઓનુ સામ્રાજય: વહિવટી તંત્રના દાવા પોકળ: સરકારી સહાય ગાયબ: એનજીઓ અને લોકભાગીદારીથી ચાલી રહ્યુ છે પેટીયું**



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત હાઈકોર્ટની લપડાક બાદ સુરત મહાનગરપાલિકા ૨૮ દિવસ બાદ જાગી છે. સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલા નાસીરનગરમાં તાજેતરમાં હાથ ધરવામાં આવેલી ડીમોલેશનની કામગીરી બાદ સ્થાનિક ગરીબ પરીવારો રોડ રસ્તા પર આવી ગયા છે. પાલિકાના વહિવટી તંત્ર દ્વારા ઘરો તોડી પાડવામાં આવ્યા બાદ ૨૮ દિવસ સુધી આ અસરગ્રસ્તો ખુલ્લા આકાશ નીચે, કાળઝાડ ગરમી અને પ્રતિકુળ વાતાવરણ વચ્ચે રહેવા મજબુર બન્યા હતા. ભારે હોબાળા, સ્થાનિક રજુઆતો અને સામાજિક સંસ્થાઓના દબાણ બાદ અને હાઈકોર્ટની લપડાક બાદ આખરે ૨૮ દિવસ પછી પાલિકાના ટ્રસ્ટ અધિકારીઓ જાગ્યા છે. મોડે મોડે પણ તંત્રએ માનવતા દાખવી આ બેઘર બનેલા લોકોને રહેવા માટે હંગામી ધોરણે પાલિકાનો કોમ્યુનિટી હોલ ફાળવ્યો છે. જો કે આ આશરો મળ્યા પછી પણ અસરગ્રસ્તોની મુશ્કેલીઓનો અંત આવ્યો નથી.

મહાનગરપાલિકાએ રહેવા માટે ૪ દિવાલો અને માથે છત તરીકે કોમ્યુનિટી હોલ તો આપી દીધો, પરંતુ ત્યાં પાયાની સગવડો પુરી પાડવામાં તંત્ર સદંતર નિષ્ફળ નિવડયુ છે. હોલમાં રહેવા આવેલા અસરગ્રસ્ત પરીવારોએ પાલિકા વહિવટી તંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. લોકોનુ કહેવુ છે કે આ હોલ માત્ર નામનો આશરો છે. અહીં રોજીંદી જરૂરીયાતો માટે પણ વલખાં મારવા પડી રહ્યા છે. સ્થાનિકો દ્વારા કરવામાં આવેલા મુખ્ય આક્ષેપો એ છે કે હોલની અંદર બનાવવામાં આવેલા ટોયલેટ અને બાથરૂમમાં પાણીના નળ જ નથી, જેના કારણે મહિલાઓ, બાળકો અને વૃધ્ધો ને ભારે ક્ષોભજનક સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે અને સ્વચ્છતા જાળવવી અશકય બની ગઈ છે. ઉનાળાની આ સિઝનમાં જયાં પાણીની સૌથી વધુ જરૂર હોય છે, ત્યાં પાલિકાના આ હોલમાં પીવાના શુધ્ધ પાણીની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. લોકોને બહારથી પાણી લાવીને તરસ છીપાવવી પડી રહી છે. સૌથી વધુ આશ્ચર્ય એ દુઃખની વાત છે કે આટલી મોટી સંખ્યામાં લોકો બેઘર થયા હોવા છતાં તંત્ર દ્વારા તેમના ભોજન કે રાશનની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. તંત્રએ હોલ આપીને પોતાની જવાબદારીમાંથી પલ્લુ ઝાડી લીધુ હોય તેવુ ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે. હાલમાં આ અસરગ્રસ્ત પરીવારોનો ગુજારો સ્વયંસેવી સંસ્થાઓ (એનજીઓ) અને સ્થાનિક સામાજિક કાર્યકરોની મદદથી ચાલી રહ્યો છે. આ સંસ્થાઓ અને લોકો પોતે જ બહાર થી ભોજન અને પીવાનુ પાણી લાવીને અહીં વહેંચી રહ્યા છે, જેથી હોલમાં રહેતા માસુમ બાળકો અને પરીવારો ભુખ્યા ન સુઈ રહે, સરકારી તંત્રની આવી સંવેદનહિનતા સામે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાસીરનગરના આ ડીમોલેશનમાં જેમણે પોતાના વરસો જુના આશરા ગુમાવ્યા છે, તેમની આંખોમાં આજે માત્ર ભવિષ્યની ચિંતા અને આશાના આંસુ છે. કોમ્યુનિટી હોલ એ કાયમી ઉકેલ નથી, તે વાત વહિવટી તંત્ર પણ જાણે છે અને સ્થાનિકો પણ સમજે છે. અહીં આશ્રય લઈ રહેલા તમામ પરીવારોની પાલિકા કમિશ્નર અને રાજય સરકાર પાસે એક જ કાકલુદી અને માંગ છે કે અમને સરકારી આવાસ યોજના હેઠળ ઘરના બદલે ઘર આપવામાં આવે, આ ગરીબ અને શ્રમિક પરીવારો પાસે એટલી મુડી નથી કે તેઓ સુરત જેવા શહેરોમાં નવુ ઘર ખરીદી શકે, અથવા મોંઘા ભાડાના મકાનોમાં રહી શકે, તેઓ આશા લગાવીને બેઠા છે કે તંત્ર વહેલી તકે તેમના વૈકલ્પિક પુનઃવર્સનની વ્યવસ્થા કરશે.

# ગુજરાતમાં લોકસભાની બેઠકો ૩૯: વિધાનસભાની ૨૭૩ બેઠકો થવાની સંભાવના

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના રાજકીય નકશામાં ૧૯૭૫ બાદ ઐતિહાસિક ફેરફારો જોવા મળી શકે છે. દેશમાં આગામી સીમાંકન અને નારી શકિત વંદન અધિનિયમ ૨૦૨૩ (મહિલા અનામત) ના અમલીકરણની પ્રક્રિયા આગળ વધે તેવી માહિતી સુત્રો પાસેથી મળી રહી છે.



રાજયમાં હાલ લોકસભાની જે ૨૬ બેઠકો છે તે સીમાંકન બાદ ૩૯ કે ૪૦ થઈ શકે, જયારે વિધાનસભાની ૧૮૨ બેઠકો વધીને ૨૭૩ થઈ શકે છે. સંભવિત સીમાંકનના કારણે અમદાવાદ, ગાંધીનગર અને સુરત શહેરની હાલની જે બેઠકો છે તેમાં પણ વધારો થવાની પુરેપુરી શકયતાઓ જોવાઈ રહી છે. આ ઉપરાંત ૧૦ બેઠકો એવી છે કે જેના મતદારોની સંખ્યાને જોતા તેના ભાગ પડી શકે છે. ગુજરાત લોકસભા-વિધાનસભા બેઠકોના આગામી સમયમાં થનારા સંભવિત સીમાંકનને લઈને હાલ રાજય ચુંટણીપંચ અને વિવિધ જિલ્લા કલેકટર કચેરીમાં ધમધમાટ શરૂ થઈ ચુકયો છે. ૨૦૨૪ ની લોકસભા ચુંટણી દરમિયાન ગુજરાતમાં કુલ ૪.૯૯ કરોડથી વધુ નોંધાયેલા મતદારો હતા. રાજયની ૨૬ લોકસભા બેઠકોમાં સરેરાશ ૧૯ લાખ જેટલા મતદારો આવે છે. પરંતુ અનેક બેઠકોમાં આ સંખ્યા ૨૦ લાખને પાર પહોચી ગઈ છે. જેના કારણે આગામી પરીસીમનમાં મતવિસ્તારોનુ પુનઃગઠન લગભગ અનિવાર્ય માનવામાં આવી રહ્યુ છે. જયારે સુરેન્દ્રનગર, પાટણ, ખેડા, સાબરકાંઠા અને બનાસકાંઠા જેવી બેઠકોમાં પણ ૧૯ થી ૨૦ લાખ વચ્ચે મતદારો છે. સરકારી સુત્રોના જણાવ્યા મુજબ ભવિષ્યમાં એક લોકસભા બેઠક દીઠ ૧૨ થી ૧૫ લાખ મતદારોનુ માપદંડ અપનાવવામાં આવશે તો હાલની ઘણી બેઠકોને વિભાજીત કરવી પડશે.

અમદાવાદમાં હાલ પૂર્વ અને પશ્ચિમ એમ બે લોકસભા બેઠકો છે. બંનેમાં મળીને ૩૭ લાખ થી વધુ મતદારો હોવાથી અમદાવાદને ત્રીજી લોકસભા બેઠક મળવાની શકયતા સૌથી વધુ છે. ગાંધીનગર બેઠકમાં પણ ૨૧ લાખ થી વધુ મતદારો હોવાથી કલોલ, દહેગામ અને ગાંધીનગર વિસ્તારને આધારે નવી બેઠકનુ સર્જન થઈ શકે છે. સુરત, નવસારી અને વલસાડ વિસ્તારમાં છેલ્લા બે દાયકામાં થયેલી વસ્તી વૃધ્ધિને કારણે દક્ષિણ ગુજરાતમાં પણ ૧ થી ૨ નવી બેઠકો ઉમેરાવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. બનાસકાંઠા અને સાબરકાંઠામાં મળીને લગભગ ૪૦ લાખ જેટલા મતદારો છે. જેના કારણે ઉત્તર ગુજરાતમાં નવી બેઠક ઉભી થઈ શકે છે. પંચમહાલ અને દાહોદ જેવા આદિવાસી વિસ્તારોમાં પણ પ્રતિનિધિત્વ વધારવા માટે નવી બેઠક રચાઈ શકે છે. રાજકોટમાં ૨૧ લાખ થી વધુ મતદારો હોવાથી શહેર અને ગ્રામ્ય વિસ્તારને અલગ કરી નવી બેઠક બનાવવાની ચર્ચા ચાલી રહી છે. જયારે સુરેન્દ્રનગર, પાટણ, ખેડા, સાબરકાંઠા અને બનાસકાંઠા જેવી બેઠકોમાં પણ ૧૯ થી ૨૦ લાખ વચ્ચે મતદારો છે. સરકારી સુત્રોના જણાવ્યા મુજબ ભવિષ્યમાં એક લોકસભા બેઠક દીઠ ૧૨ થી ૧૫ લાખ મતદારોનુ માપદંડ અપનાવવામાં આવશે તો હાલની ઘણી બેઠકોને વિભાજીત કરવી પડશે. નવા પરીસીમન બાદ માત્ર બેઠકોની સંખ્યા તો વધશે, પરંતુ અનેક મતવિસ્તારોની સીમાઓ બદલાશે, કેટલીક જુની બેઠકોનુ અસ્તિત્વ સમાપ્ત થશે તો નવી બેઠકો ઉભી થશે, તેના કારણે દાયકાઓથી ચાલતા રાજકીય , સામાજિક અને જ્ઞાતિ આધારીત સમીકરણોમાં મોટો ફેરફાર આવશે.

રાજકીય વિશ્લેષકોનુ માનવુ છે કે આગામી પરીસીમન અને મહિલા અનામત કાયદાનો અમલ ગુજરાતના રાજકીય ઈતિહાસમાં ૧૯૭૫ પછીનો સૌથી મોટો વળાંક સાબિત થઈ શકે છે. જો કે બેઠકોની અંતિમ સંખ્યા અને નવા મતવિસ્તારો અંગેનો નિર્ણય વસ્તી ગણતરી, પરીસીમન આયોગની ભલામણો અને સંસદની મંજુરી બાદ જ સ્પષ્ટ થશે.

# ધાર્મિક વિધિના બહાને દંપતીને લૂંટનારા ૨ ઝડપાયા, રૂ.૭૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલીના લાઠીમાં ધાર્મિક વિધિ કરવાના બહાને બે શખસોએ એક પરિવાર સાથે છેતરપિંડી કરી હતી. જેમાં આરોપીએ પરિવારને કહ્યું કે, 'તમારો ધંધો સેટ થતો નથી, વિધિ કરવી પડશેપ' આમ, વિધિ કરવાના બહાને પરિવારને વિશ્વાસમાં લઈને રોકડ તથા સોનાની વીંટી લઈને બંને આરોપી ફરાર થઈ ગયા હતા. જોકે, વિશ્વાસઘાત થયો હોવાનું જણાતા પરિવારે લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે પોલીસે ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે બંને આરોપીને ઝડપી પાડ્યા હતા. પોલીસે કુલ રૂ.૭૫૦૦૦ મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઘટના એમ છે કે, ૨૨ જૂન, ૨૦૨૬ના મોટર સાયકલ લઈને લાઠી તાલુકાના ભુરખીયા ગામે આવેલા બે શખસો એક રહેણાંક મકાને પાણી પીવાના બહાને ગયા હતા. જ્યાં એક વ્યકિત મીની ટ્રેકટર લઈ તેની પત્ની સાથે ઘરના ડેલા પાસે શેરીમાં ઉભો હતો. જેમાં બંને શખસો ઘર આગળ ઉભેલા દંપતી પાસે જાય છે અને તેઓ સરધાર રામાપીરની જગ્યાએથી આવ્યા હોવાનું કહીને પાડરશીંગા ગામે રામાપીરની જગ્યાએ જવાના રસ્તા વિશે પૂછ્યું હતું. આ દરમિયાન આરોપીઓએ દંપતીને પાણી પીવડાવવા કહ્યું હતું.જો કે, પાણી પીધા બાદ બંને શખસોએ દંપતીને કહ્યું કે, 'તમારા દિકરાના લગ્ન થયા ત્યારે કોઈએ તમારા પરિવાર ઉપર મેલુ નાખ્યું છે, જેના લીધે તમારો ધંધો સેટ થતો નથી. એટલે તમારે વિધિ કરવી પડશે.' જેમાં દંપતીએ વિધિ કરવાની હા પાડતા, બંને શખસોએ વિધિના બહાને રૂ.૨૦૦૦૦ તથા એક સોનાની વીંટી લઈને ભાગી ગયા હતા.


**પશ્ચિમ રેલ્વે**

વરિષ્ઠ વિભાગીય વાણિજ્ય - મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે ડિવિઝનીય રેલ્વે મેનેજર, વાણિજ્ય વિભાગ, NFR સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ ડિવિઝન પર વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-26-24 | 07-07-26, 15:00:00 |

| ક્રમ નં. | લોટ નંબર | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-BCT-BSR-OH-488-26-1 (જાહેરાત-ઘરની બહાર) | વસઈ રોડ સ્ટેશન પર 5 વર્ષના સમયગાળા માટે LCD/ LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો, 6' X 10' કદનું પ્રદર્શન, કુલ માપન ક્ષેત્ર, 180 ચોરસ ફૂટ. | 1826 | 07-07-26 15:30:00 |
| 2 | ADVT-BCT-UBR-OH-495-26-1 (જાહેરાત-ઘરની બહાર) | ઉમ્બરગાંવ સ્ટેશન પર, વેસ્ટ સર્ક્યુલેશન એરિયામાં, રોડ ઓવર બ્રિજ પાસે, 20' X 20' કદનું પ્રદર્શન (પાછળથી પાછળ), કુલ માપન ક્ષેત્ર 800 ચોરસ ફૂટ, 5 વર્ષના સમયગાળા માટે નવા હોર્ડિંગ સ્ટ્રક્ચર ઉભા કરીને જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1826 | 07-07-26 15:40:00 |
| 3 | ADVT-BCT-BVI-OH-484-26-1 (જાહેરાત-ઘરની બહાર) | બોરીવલી સ્ટેશન, સબ-સ્ટેશન નજીક, પશ્ચિમમાં, કિ.મી. 34/5A-34/4B, ડિસ્પ્લે કદ 6' X 10' (1), કુલ ડિસ્પ્લે ક્ષેત્રફળ 60 ચોરસ ફૂટ વચ્ચે 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો | 1826 | 07-07-26 15:50:00 |
| 4 | ADVT-BCT-DIC-OH-485-26-1 (જાહેરાત-ઘરની બહાર) | દહિસર સ્ટેશન, સબવે નજીક, વાડ સાથે, પૂર્વ તરફ, કિ.મી. 36/16B-36/17B, ડિસ્પ્લે કદ 6' X 10' (1), કુલ માપન ક્ષેત્રફળ 60 ચોરસ ફૂટ વચ્ચે 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1826 | 07-07-26 16:00:00 |
| 5 | ADVT-BCT-BYR-OH-487-26-1 (જાહેરાત-ઘરની બહાર) | ભાયંદર સ્ટેશન પર 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો., ડિસ્પ્લે કદ 10' X 6' (3) અને 6' X 10' (પાછળ પાછળ), કુલ માપન ક્ષેત્રફળ 300 ચોરસ ફૂટ. | 1826 | 07-07-26 16:10:00 |
| 6 | ADVT-BCT-MIRA-OH-486-26-1 (જાહેરાત - ઘર બહાર) | ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો. મીરા રોડ અને ભાયંદર સ્ટેશન વચ્ચે, ટ્રેકની પૂર્વ બાજુએ, કિમી -41/1B-41/6B વચ્ચે, દક્ષિણ પૂર્વ તરફ, ડિસ્પ્લે સાઈઝ 6' X 10'(7), કુલ માપન વિસ્તાર 420 ચોરસ ફૂટ, 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ના વેચાણ માટે. | 1826 | 07-07-26 16:20:00 |
| 7 | ADVT-BCT-MIRA-OSN-445-26-3 (જાહેરાત - સ્ટેશન પ્રીમાઈસ પર (નોન-ડિજિટલ)) | મીરા રોડ (MIRA) સ્ટેશન પર ત્રણ વર્ષના સમયગાળા માટે બલ્ક જાહેરાત અધિકારો. | 1096 | 07-07-26 16:30:00 |

સંપર્ક વિગતો: લેન્ડલાઇન નંબર: 022-67644212. ઇમેઇલ આઈડી: acmadvtgbct@gmail.com નોંધ: સંભવિત બોલી લગાવનારાઓને મુલાકાત લેવા વિનંતી છે. IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલ. લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. 0305

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

# ન્યાય વ્યવસ્થા અને પ્રણાલિકા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

બ્રિટિશ શાસન દરમ્યાન સમગ્ર ભારતમાં એક જ સરખી ન્યાય પ્રથા અને પદ્ધતિ જળવાઈ રહે તે દ્રષ્ટિએ ન્યાય વ્યવસ્થા અને કાયદાઓ તૈયાર કર્યા હતા. તે સમયને અનુરૂપ પણ હશે. પરંતુ આઝાદીના ૭૫ વર્ષ પછી પણ ૧૫૦-૨૦૦ વર્ષ જૂના કાયદાઓમાં દેશની વર્તમાન સ્થિતિને અનુરૂપ કાયદાઓ ન્યાય વ્યવસ્થા અને પદ્ધતિમાં ફેરફાર થયા નથી.

ન્યુઝ મીડિયાના અહેવાલો મુજબ વારંવાર આક્ષેપો થાય છે કે કાયદાઓ અને ન્યાય વ્યવસ્થાનો ઉપયોગ શાસકો સત્તા મેળવવા અને ટકાવી રાખવાના માધ્યમ તરીકે કરે છે. આપણા ન્યાયતંત્રની બલીહારી છે. સુપ્રીમ કોર્ટના નામાંકિત વકીલો દેશના હિતમાં અને ગુનાખોરી અટકાવવા સંસદમાં સત્તા સ્થાને બેસીને કાયદાઓ ઘડે છે.

જજ ની નિમણુંકથી માંડીને સરકારી વકીલોની પસંદગી અને લવાદોની પસંદગીમાં પણ દખલગીરી કરતા હોય છે. જ્યારે તેઓ અને તેમના જ કુટુંબના સભ્યો ગુનેગારો, ભાગેડુઓ, બળાત્કારીઓ, કૌભાંડીયાઓ અને દેશદ્રોહીઓને બચાવવા સુપ્રીમ કોર્ટમાં કેસ લડે છે અને જામીન માટે પણ અગોથ પ્રયત્નો કરે છે, કેસોના ચુકાદોઓમાં શાસક પક્ષમાં હોદ્દાનો પ્રભાવ પડે તે પણ સ્વાભાવિક છે.

ન્યુઝ મીડિયાના તારણો છે કે વર્ષો સુધી ખોડંગાતા કેસના કારણે પુરાવાઓ રફેદફે થઈ જાય છે. સાક્ષીઓ બદલાઈ જાય છે, ખોવાઈ જતા દસ્તાવેજો (હમણાં SMC માં ફાઈલો ગુમ થઈ એ તાજો જ કિસ્સો છે) ચંદ મિનિટોમાં મળી જતા જામીન કે બદલાતા ચુકાદાઓના કારણે ન્યાય વ્યવસ્થાની ગરિમા જળવાતી નથી.

ઉપરાંત અતિશય વિલંબવાળી અદાલતી કાર્યવાહીની ન્યાય પ્રક્રિયામાં ગંભીર અસર પડે છે. સાક્ષી અને પુરાવાઓ નબળા પડી જાય છે. ન્યાયાધીશો બદલાવવાના કારણે કેસોમાં સાતત્યપણું પણ જળવાતું નથી. તેમજ બદલાતા ન્યાયાધીશે કેસની સમજણ કેળવવામાં સમય બગાડવો પડે છે.

આમ ન્યાય વ્યવસ્થા વધુ ગૌરવશાળી બને એવા આશયથી ન્યાય વ્યવસ્થાના પરિવર્તન માટે જ માત્ર આ લખવામાં આવ્યું છે. કોર્ટની કાર્યવાહી કે કોઈપણ ચુકાદા સાથે આ લખાણને કોઈ સંબંધ નથી તેમજ ટીકા પણ નથી. લોકહીત માટે છે. જેનો અમલ શાસકોની ઈચ્છાશક્તિ સૂઝ અને નૈતિક તાકાત આધારિત છે.

### ગુજરાત હાઈકોર્ટનો સીમાચિન્હરૂપ ચુકાદો

# માત્ર ઝેરોક્ષ નકલ ના આધારે સ્ટેમ્પ ડ્યુટીની કાર્યવાહી સંપૂર્ણ ગેરકાયદેસર છે

(છગનલાલ મેવાડા દ્વારા)

ગુજરાત હાઈકોર્ટ સ્ટેમ્પ ડ્યુટીના વિવાદ અંગે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. જેમા સ્પષ્ટપણે જણાવ્યું છે કે મૂળ દસ્તાવેજ જપ્ત કર્યા વિના માત્ર ઝેરોક્ષ નકલના આધારે ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી ની વસુલાતની કોઈપણ કાર્યવાહી સંપૂર્ણ ગેરકાયદેસર અને અધિકાર ક્ષેત્ર વિહોણી છે.

ન્યાયમૂર્તિ નિર્જળ એસ દેસાઈની એકલ ખંડપીઠે રીત અરજી નં -૪૨૫૭/૨૦૨૨ માં અરજી કરતા નારણભાઈ સમંતભાઈ ભરવાડ (મૃત) ના કાનૂની વારસદારો વતી અરજી કરતાના અધિવક્તા ની દલીલો સાંભળ્યા બાદ આ ચુકાદો આપ્યો છે. પરંતુ આ કેસમાં છ વર્ષ પછી એટલે કે એપ્રિલ ૨૦૨૦ માં ખૂટતી સ્ટેમ્પ ડ્યુટી ભરવા માટે નોટિસ ફટકારવામાં આવી અને ઓક્ટોબર ૨૦૨૦ માં રૂ. ૫૭,૯૯,૮૦૦ ઘટ સ્ટેમ્પ ડ્યુટી તથા રૂ. ૪,૫૦,૦૦૦ દંડ મળીને કુલ રૂપિયા ૬૨,૪૯,૮૦૦ ભરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ આદેશ સ્ટેમ્પ ડ્યુટીના સક્ષમ અધિકારી દ્વારા કરવામાં આવેલો હતો. જે આદેશ ને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવતા નામદાર હાઈકોર્ટ ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ ની કલમ ૩૩ ૩૭ અને ૩૯ ની ઝીણવત ભરી સમીક્ષા કરીને ન્યાયાલય ખેડાવ્યું કે કલમ ૩૭૮૨ હેઠળ મૂળ દસ્તાવેજ કલેકટર પાસે મોકલવો ફરજિયાત છે અને ઝેરોક્ષ નકલ જપ્ત કરવી તે જપ્ત ગણી શકાય નહીં. આ બાબતે નામદાર અદાલતે અનેક ચુકાદાઓ ટાંકીને સ્પષ્ટ કહ્યું કે દસ્તાવેજ કાયદેસર રીતે જપ્ત ન થાય ત્યાં સુધી સ્ટેમ્પ ૨૭૦૦ ને કાર્યવાહી કરવાનો કોઈ અધિકાર નથી. રાજ્ય સરકાર આ હકીકત નકારી શકી ન હોવાથી કરાયેલા આદેશો રદ કરવામાં આવ્યા. જોકે ન્યાયાલય રાજ્ય સરકારને કાયદા મુજબ નવેસરથી કાર્યવાહી કરવાની છૂટ આપી છે. સાથે સ્પષ્ટ કર્યું કે ભવિષ્યની કોઈ પણ કાર્યવાહીમાં બંને પક્ષોના તમામ અધિકાર અને દલીલો ખુલ્લા રહેશે.

### જંગલેશ્વર ડીમોલેશનમાં બાબુઓની જીયાફતનો ખર્ચ ૪૬.૭૧ લાખને પાર જાય તેવી શકયતા

# રાજકોટ ડીમોલેશનનો વધુ એક વિવાદઃ ચા, પાણી, નાસ્તા બાદ વિડીયોગ્રાફીનુ પણ બનાવ્યું રૂ.૨૨ લાખનુ બીલ

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજકોટમાં જંગલેશ્વર ડીમોલેશન મામલો ફરી એકવાર વિવાદમાં આવ્યો છે. નાસ્તા પાણીના બીલ ને લઈને ઉઠેલા વિવાદ હજુ શમ્યા નથી, ત્યાં હવે વિડીયોગ્રાફીના બીલ ને લઈને સવાલો ઉભા થયા છે. મળતી માહિતી મુજબ જંગલેશ્વર ડીમોલેશન દરમિયાન કરવામાં આવેલા ડ્રોન અને વિડીયો શુટીંગ માટે અંદાજે ૨૨ લાખ રૂપીયાનુ બીલ રજુ કરવામાં આવ્યુ છે. આ ખર્ચને લઈને મનપાની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. વિવાદનુ મુખ્ય કારણ એ છે કે રાજકોટ પોલીસ પાસે પોતાનો સરકારી ડ્રોન હોવા છતાં ખાનગી ડ્રોન સેવા કેમ લેવામાં આવી ? આ નિર્ણય પાછળ શું કારણ હતુ અને જાહેર નાણાંનો યોગ્ય ઉપયોગ થયો કે નહી તે અંગે ચર્ચા શરૂ થઈ છે.

સુત્રોના જણાવ્યા અનુસાર રાજકોટ મહાનગરપાલિકાએ વિડીયો શુટીંગ અને ડ્રોન કવરેજ માટે બાલાજી એજન્સીને કોન્ટ્રાકટ આપ્યો હતો. હવે આ કોન્ટ્રાકટની પ્રક્રિયા અને બીલની રકમને લઈને પારદર્શિતાની માંગ ઉઠી રહી છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ જ ડીમોલેશન કામગીરી દરમિયાન નાસ્તા પાણી માટે રજુ કરાયેલા અંદાજે ૧૨ લાખ રૂપીયાના બીલને લઈને ભારે વિવાદ સર્જાયો હતો. તે મામલો હજુ ચર્ચામાં છે ત્યારે હવે ૨૨ લાખ રૂપીયાના વિડીયોગ્રાફી બીલે નવો વિવાદ ઉભો કર્યો છે. આ સમગ્ર મામલે મનપા તરફથી શું સ્પષ્ટતા કરવામાં આવે છે અને બીલ અંગેની હકીકત શું છે તેના પર સૌની નજર મંડાઈ છે. વિનુભાઈ ઘવાએ આરોગ્ય અધિકારી જયેશ વકાણી પર સીધો પ્રહાર કરતા ગંભીર આક્ષેપો કર્યા છે કે પ્રેસ કોન્ફરન્સના નામે ૧૫૦ ફુડ પેકેટના ખોટા બીલ રજુ કરાયા છે. બીલમાં દર્શાવ્યા પ્રમાણે ત્યાં ૪૦ હજાર અધિકારીઓ હાજર જ ન હતા, એટલુ જ નહી બીલમાં દર્શાવવામાં આવેલી કાજુ કતરીનુ બીલ પણ તદ્દન ખોટુ છે. આ ગંભીર ભ્રષ્ટાચાર બદલ ભાજપ નેતાએ આરોગ્ય અધિકારી જયેશ વકાણીને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવાની માંગ કરી છે.

કાજુ કતરી, ખજુર રોલ, સમોસા, ખમણ સાથે રજવાડી ભોજનના રૂપીયા ૨૭.૫૦ લાખ ઉપરાંત પાણીની બોટલ સહિત બીજા ૧૯.૧૦ લાખ ના બારોબાર થયેલ ખર્ચ સ્ટેન્ડીગ કમિટીમાં આવવાના બાકી છે. ચા, નાસ્તો અને જમવાના બીલ કોઈ વિવાદ વગર મંજુર થઈ જાય તો પછી બીજા ખર્ચા હળવેકથી મંજુરીની ગરકબારીમાંથી ગરકાવવાનો ઈરાદો જ હતો, રાજકોટ મનપાને ફટ કહેવાનુ મન થાય તેવી તંત્ર વાહકોની વરવી દાનત પણ બહાર આવી છે. જેના માથેથી છત છીનવાતી હોય એને જ ખબર પડે કે એ પીડા કેવી હોય, જંગલેશ્વર ડીમોલેશન વખતે આવા જ કાળજુ કંપાવી નાંખે તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળતા હતા. બેઘર થતા પરીવારોનુ ચોતરફ આક્રંદ હતુ, કોણ કોને છાના રાખે એ કોઈને સમજાતુ ન હતુ, કયાં આસરો લેવા જઈશુ ? કેમ કરીને પેટનો ખાડો પુરીશુ, આવી ચિંતામાં આશીયાના ઉપર બુલડોઝર ફરતા હતા. ત્યારે અસરગ્રસ્તોના ગળે પાણી પણ ઉતરતુ ન હતું. ત્યારે મનપા સહીતના સરકારી બાબુઓ કાજુ કતરી, ખજુર રોલ સહિત રજવાડી ભોજન ઝાપટતા હતા.

મોંઘીદાટ ચા ની ચુસ્કી લેવાતી હતી, ગટાગટ લીંબુ સોડા સહિતના ઠંડા પીણા પીવાતા હતા. રૂપીયા ૨૭.૨૦ લાખના ખર્ચે આ મીજબાની માણવામાં આવી હતી. આ ખર્ચ તો સત્તાવાર સ્ટેન્ડીંગ કમિટીમાં મુકાયો હતો એ છે એ સિવાયના બીજા ૧૯.૧૦ લાખના ગુપ્ત ખર્ચાઓ પણ રહી રહીને બહાર આવી રહ્યા છે. મીનરલ વોટર, ખુરશી,સોફા સાથે મંડપ ઉભા કરવામાં આવ્યા હતા. તે સામીયાણાનો બીજો રૂપીયા ૧૯.૧૦ લાખનો ખર્ચ તો હજુ સુધી મંજુરી માટે આવ્યો નથી. એ આવ્યા પછી જંગલેશ્વર ડીમોલેશન વખતે થયેલી જીયાફત રૂપીયા ૪૬.૩૧ લાખને પાર કરી જાય તેવી શકયતા છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત ફેબ્રુઆરી મહિનામાં જંગલેશ્વરમાં કરાયેલા મેગા ડીમોલેશન દરમિયાન ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓના ચા-કોફી થી માંડીને સ્પેશ્યલ લંચ ડીશ, મસાલા છાશ કાજુ કતરી, ખજુર રોલ સહિતની મીઠાઈના રૂપીયા ૨૭ લાખ ઉપરાંતના બીલને સ્ટેન્ડીંગ ચેરમેન પરેશ પીપળીયાએ શંકાસ્પદ ઘણીને અટકાવ્યા હતા. હવે નવો વિવાદ ઉભો થવાની શકયતા છે. મહાનગરપાલિકા દ્વારા સરકારના આદેશને પગલે મેગા ડીમોલેશન કરી મનપાના અધિકારીઓએ પોતાની જ વાહવાહી તો મેળવી લીધી પરંતુ ૨૭ લાખના ભોજનનુ બીલ પાસ કરવાની દરખાસ્ત સ્ટેન્ડીંગ કમિટીમાં મુકવામાં આવતા ભારે વિવાદ સર્જાયો છે. ડીમોલેશનની કામગીરી દરમિયાન મીનરલ વોટર અને મંડપ સર્વિસનો કોન્ટ્રાકટ ઉમિયાજી મંડપ સર્વિસ એન્ડ ડેકોરેશનને આપવામાં આવ્યો હતો. આમા તારીખ ૨૨ ના રોજ ૩,૪૧,૩૭૬, તારીખ ૨૪ ના રોજ ૨૦,૮૨૮ જયારે તારીખ ૨૬ ના રોજ ૬,૫૮,૩૬૮ અને તારીખ ૨૭ ના રોજ ૪૭,૭૮૬ મળીને પાંચ દિવસ દરમિયાન અધિકારીઓ રૂપીયા ૧૨,૪૦,૦૨૮ નુ મીનરલ વોટર ગટગટાવી ગયા છે. આ સિવાય ડીમોલેશન સાઈટ અને શેઠ હાઈસ્કુલ સ્થિત કંટ્રોલ રૂમમાં મંડપ સુવિધા ઉભી કરવામાં આવી હતી. જેનો ખર્ચ રૂપીયા ૬,૭૦,૬૭૮ થયો છે. આશ્ચર્યજનક રીતે સ્ટેન્ડીંગ કમિટીમાં ડીમોલેશન દરમિયાન અધિકારીઓએ જંગલેશ્વરમાં ઉજવેલી મહેફીલે દાવતના રૂપીયા ૨૭ લાખના ખર્ચ સાથે મીનરલ વોટર અને મંડપ સર્વિસનો ખર્ચ દર્શાવાયો ન હતો.

# ગુજરાતમાં ઠેર ઠેર ચૈતર વસાવાના સમર્થનમાં યોજાઈ રેલી : અમરેલી અને છોટા ઉદેપુરના કવાંટમાં ચૈતર વસાવાના સમર્થનમાં યોજાઈ રેલી





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડના ગુજરાતમાં ઠેર ઠેર પડઘા પડી રહ્યા છે. ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડના અમરેલી જિલ્લામાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. આમ આદમી પાર્ટીના આગેવાનોએ ચૈતર વસાવાના સમર્થનમાં રેલી યોજી વિરોધ વ્યકત કર્યો હતો. આમ આદમી પાર્ટીના આગેવાનોએ જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટીની જિલ્લા પંચાયતમાં જીત થી ભાજપ ગભરાઈ છે. આ અન્યાય સામે અમે હાઈકોર્ટ થી સુપ્રિમ કોર્ટ સુધી કાયદાકીય લડત લડીશુ, આદિવાસી સમાજ કયારેય ઝુકશે નહી અને આવનારા સમયમાં ભાજપને જડબાતોડ જવાબ આપશે. અમરેલીમાં કાંતીભાઈ સતાસીયા, નિકુંજ સાવલીયા, હિરેન વીરડીયા, વનરાજભાઈ વાળા, રમેશભાઈ સતાસીયા સહિતના કાર્યકર્તાઓ દ્વારા એક વિશાળ સમર્થન રેલી યોજવામાં આવી હતી. તો બીજી તરફ ડેડીયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટ દ્વારા વનકર્મી પર હુમલાના કેસ મામલે ૭ વરસની સજા ફટકારવામાં આવી છે. જેને લઈને છોટા ઉદેપુરના કવાંટ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા ધારાસભ્યના સમર્થનમાં રેલી યોજી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જેમાં ચૈતર વસાવાને સજા થતા કવાંટ ખાતે આમ આદમી પાર્ટી આક્રમક મુડમાં જોવા મળી હતી. મળતી માહિતી મુજબ કવાંટ માં આમ આદમી પાર્ટી દ્વારા નસવાડી રોડ થી બાબા આંબેડકર સર્કલ થઈને બિરસામુંડા સર્કલ સુધી વિશાળ રેલી યોજવામાં આવી હતી. કોર્ટ દ્વારા ધારાસભ્યને સજા ફટકારવાના મામલે આમ આદમી પાર્ટીના કાર્યકરો અને ચૈતર વસાવાના સમર્થકોએ નારાજગી વ્યકત કરતા યોગ્ય ન્યાયની માંગ કરી છે. આમ ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને ૭ વરસની સજા થતા આદિવાસી વિસ્તારના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. રેલીમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો અને સમર્થકોએ સુત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો.

# જુન મહિનો પુરો થવા આવ્યો પરંતુ ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી બાદ પણ ૫૪ તાલુકાઓમાં હજુ વરસાદ નોંધાયો જ નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં વરસાદને લઈને હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસ માટે વરસાદની આગાહી કરવામાં આવી છે. જુન મહિનો પુરો થઈ ગયો છે અને મોટાભાગના ગુજરાતમાં ધરા કોરીધાકોર છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન નર્મદામાં ભારે વરસાદ ખાબકયો હતો, જેથી સાગબારા ડેડીયાપાડા વિસ્તારની જંગલ વિસ્તારની નદીઓમાં પુર આવ્યુ હતું. દક્ષિણ ગુજરાત સહિત રાજયના કેટલાક વિસ્તારોમાં ચોમાસાની સત્તાવાર એન્ટ્રી તો ૪ દિવસ પહેલા ૨૪ જુને થઈ ચુકી છે. પરંતુ હજુ પણ અનેક વિસ્તારોમાં મેઘરાજાએ જમાવટ કરી નથી. એટલે કે આજે ૨૭ જુન સુધીમાં રાજયના ૫૪ તાલુકા એવા છે કે જયાં હજુ સુધી વરસાદ નોંધાયો જ નથી.

ચોમાસાની સીઝનમાં અત્યાર સુધીમાં રાજયના ૧૭૭ તાલુકા એવા છે કે જયાં ૨ ઈંચ સુધીનો વરસાદ વરસી ચુકયો છે. જયારે ૨૭ તાલુકામાં ૨ થી ૫ ઈંચ સુધીનો વરસાદ વરસી ચુકયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૩ થી ૪ દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાત તેમજ દેશના અન્ય કેટલાક રાજયોમાં વધુ આગળ વધે તેવી અનુકુળ પરિસ્થિતિ છે. આગામી ૭ દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે છાંટા પડવાની શકયતા વ્યકત કરવામાં આવી છે. જયારે રાજયના બાકીના વિસ્તારોમાં મોટાભાગે સુકુ વાતાવરણ રહેવાની સંભાવના છે.

# જેતપરમાં ખેડુતોનુ આંદોલન વધુ ઉગ્ર બન્યુંઃ આંદોલનના ૧૦ માં દિવસે ઉપવાસી નેહુલ અમૃતિયાની તબિયત લથડીઃ ઉપવાસી ખેડુતોમાં રોષ

પ્રતિનિધિ,ગાંધીનગર



મોરબી તાલુકાના જેતપરમાં ખેડુતોનુ આંદોલન હવે ઉગ્ર બનવા જઈ રહ્યુ છે. જેતપર ગામના ખેડુતો ઉપવાસ પર ઉતરેલા ખેડુતોમાંથી નેહુલ અમૃતિયાની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કલેકટરના આદેશ છતા ઉપવાસ પર બેઠેલા ખેડુતોને ઈમરજન્સી મેડીકલ સુવિધા ન મળતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખાનગી વીજ કંપની પાસે પુરતા વળતરની માંગ સાથે છેલ્લા ૬ દિવસથી આમરણાંત ઉપવાસ આંદોલન ચલાવી રહ્યા છે. આ આંદોલન દરમિયાન ગત રાત્રે એક ઉપવાસી ખેડુત નેહુલ અમૃતિયાની તબિયત લથડતા ચકકર આવી જવાથી તેઓ ઢળી પડયા હતા. જેમને તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જો કે કલેકટરના આદેશ હોવા છતાં રાત્રીના સમયે ઘટનાસ્થળે કોઈ મેડીકલ સ્ટાફ હાજર ન હોવાથી ખેડુતોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો હતો. જેતપર ગામ પાસેથી એક ખાનગી વીજ કંપનીની હાઈટેન્શન લાઈન પસાર થઈ રહી છે. જેના માટે ખેતરોમાં વીજ પોલ ઉભા કરવાની કામગીરી ચાલી રહી છે. ખેડુતોનો આક્ષેપ છે કે તેમને કેટલુ, કયારે અને કઈ પધ્ધતિથી વળતર મળશે તે અંગે કંપની કે વહિવટી તંત્ર દ્વારા કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આથી ખેતરોમાં ચાલી રહેલી કામગીરી તાત્કાલીક બંધ કરવા અને વળતર અંગે લેખિત સ્પષ્ટતા કરવાની ૬ મુખ્ય માંગણીઓ સાથે ખેડુતો ગઈ તારીખ ૧૮ જુન થી આમરણાંત ઉપવાસ પર બેઠા છે.

મોરબી જિલ્લાના જેતપર ગામમાં ખેડુતો દ્વારા ખાનગી વીજ કંપની સામે ચાલી રહેલા આંદોલનનો આજે ૧૦ મો દિવસ છે. પોતાની વિવિધ માંગણીઓ અને જમીન પાણી સહિતના પ્રશ્નોના ઉકેલ માટે ખેડુતો છેલ્લા ૧૦ દિવસથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આંદોલનના ભાગરૂપે કેટલાક ખેડુતો આમરણાંત ઉપવાસ પર બેઠા છે. જેના કારણે હવે ઉપવાસીઓના સ્વસ્થ્ય ને લઈને ચિંતા વધી રહી છે. આંદોલન દરમિયાન આજે વધુ એક ઉપવાસીની તબિયત લથડી હતી. પ્રથમ દિવસથી જ આમરણાંત ઉપવાસ પર રહેલા નેહુલ અમૃતિયાની તબિયત અચાનક બગડતા તેમને તાત્કાલીક સારવાર માટે જેતપરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તબીબોની ટીમ દ્વારા તેમની તબિયત પર સતત નજર રાખવામાં આવી રહી છે.

### કેનાલની બાજુમાંથી લાઈન કાઢો : સરકાર પર ખેડુતોની અવગણનાનો આરોપ

# સાણંદના ડરણ ગામે ખેડુતોના પ્રશ્નો મામલે ઈસુદાન ગઢવીનો હુંકારઃ સરકાર સામે ઉગ્ર આંદોલનની ચેતવણી

પ્રતિનિધિ,ગાંધીનગર



આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી આજે શનિવારે સાણંદ તાલુકાના ડરણ ગામે પહોચ્યા હતા. ડરણ ગામે તેમણે ખેડુતો સાથે બેઠક યોજી અને ખેતીની જમીનમાંથી પસાર કરવામાં આવી રહેલી ડ્રેનેજ લાઈન તેમજ પાણીના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. ખેડુતોનો દાવો છે કે તેમની સંમતિ વિના ખેતીની જમીનમાંથી કંપનીઓના વેસ્ટ વોટરના નિકાલ માટે ડ્રેનેજ લાઈન નાખવામાં આવી રહી છે. જેના કારણે તેમની જમીન અને ભવિષ્યમાં તેના મુલ્ય પર અસર થઈ શકે છે. ઈસુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે આશરે ૧૦ કિ.મી. લાંબી ડ્રેનેજ લાઈન ખેડુતોની ફળદ્રુપ જમીનમાંથી પસાર કરવાની કામગીરી ચાલી રહી છે. તેમના જણાવ્યા મુજબ ખેડુતોનો આગ્રહ છે કે આ લાઈન ખેતીની જમીનને બદલે કેનાલની બાજુમાંથી પસાર કરવામાં આવે, તેમણે દાવો કર્યો છે કે જો ખેતીની જમીનમાંથી લાઈન પસાર થશે તો જમીનના રેકોર્ડમાં તેની નોંધ થશે, જેના કારણે ખેડુતોને ભવિષ્યમાં જમીનના યોગ્ય ભાવ નહી મળે. આમ આદમી પાર્ટી નેતા ઈસુદાન ગઢવીએ આરોપ લગાવ્યો હતો કે ખેડુતો છેલ્લા ઘણા દિવસોથી વિરોધ કરી રહ્યા હોવા છતાં ભાજપના કોઈ ધારાસભ્ય કે સાંસદ તેમની મુલાકાતે પહોચ્યા નથી. તેમણે વધુમાં કહ્યુ હતુ કે ખેડુતોને પાકના યોગ્ય ભાવ, પાક વિમો, ખાતર અને બિયારણ જેવા મુદ્દાઓ પર પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હવે ખેતીની જમીન પર પણ દબાણ કરવામાં આવી રહ્યુ હોવાનુ તેમણે જણાવ્યુ હતું. ગઢવીએ ખેડુતોને સંબોધતા કહ્યુ હતુ કે તેઓ પોતાની જમીન અને હક્કો માટે એક જુટ થઈને લડી રહ્યા છે અને આમ આદમી પાર્ટી તેમની સાથે ખભેખભા મીલાવીને ઉભી રહેશે, તેમણે સરકારને અપીલ કરી છે કે ખેડુતોની સંમતિ વિના તેમની જમીન પર કોઈ કામગીરી ન કરવામાં આવે અને ડ્રેનેજ લાઈન કેનાલની બાજુમાંથી જ પસાર કરવામાં આવે. તેમણે ચેતવણી આપતા જણાવ્યુ હતુ કે જો ખેડુતોને કાયદાકીય ન્યાય નહી મળે અને તેમની માંગણીઓનો ઉકેલ નહી આવે તો આમ આદમી પાર્ટી ખેડુતોના હિતમાં રાજયવ્યાપી અને ઉગ્ર આંદોલન કરશે. સાથે જ તેમણે મુખ્યમંત્રીને આ મામલે રજુઆત કરવાની પણ ખાત્રી આપી અને સરકારને ખેડુતોના હિતોને પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી.

# શાહપુરના EWS આવાસોમાં ૧૭ મકાનનાં તાળાં તોડી ગેરકાયદે કબજો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરના શાહપુર વોર્ડમાં કોર્પોરેશન દ્વારા ગરીબ અને ઓછી આવક ધરાવતા પરિવારો માટે ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજના તૈયાર કરી લાભાર્થીઓને ફાળવવામાં આવી હતી. જો કે, આ આવાસોમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. જ્યુપીટર મિલની જગ્યામાં બનેલા આ આવાસો પૈકી ૧૭ જેટલા આવાસોના તાળા તોડીને અસામાજિક તત્વો કે અન્ય લોકોએ ગેરકાયદેસર કબજો જમાવી લીધો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય રાજેશ પટેલે આ અંગે આક્રમક રજૂઆત કર્યા બાદ મોડે મોડે સફાળા જાગેલા એસ્ટેટ વિભાગે દોડતા થઈ ગેરકાયદે વસવાટ કરનારાઓનો સામાન બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. આ અંગે પોલીસ ફરિયાદ કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શાહપુરના આવાસોમાં લાંબા સમયથી ગેરકાયદેસર વસવાટ ચાલતો હોવાની માહિતી જો સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય સુધી પહોંચી શકતી હોય, તો સ્થાનિક સ્તરે ફરજ બજાવતા એસ્ટેટ વિભાગના અધિકારીઓ આનાથી કેમ અજાણ હતા તે પ્રશ્ન મહત્વનો બન્યો છે. ગત ટર્મમાં હાઉસિંગ કમિટી દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ઈ.ડબલ્યુ.એસ. આવાસમાં મૂળ લાભાર્થી સિવાય અન્ય લોકો દ્વારા થતા વપરાશ અને ગેરકાયદેસર ઘૂસણખોરી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા વખતોવખત સૂચનાઓ આપવામાં આવી હતી. છેલ્લા બે વર્ષથી એસ્ટેટ વિભાગને આ બાબતે સતત આદેશો અપાયા છે, પરંતુ 'શેઠની શિખામણ ઝાંપા સુધી'ની કહેવત મુજબ એસ્ટેટના અધિકારીઓ મૂળ લાભાર્થી સિવાયના તત્વો પાસેથી આવાસ ખાલી કરાવવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છે.

જુદા જુદા વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઓછી આવક ધરાવતા લોકો માટે બનેલા આવાસો મૂળ લાભાર્થીઓએ ભાડુઆતોને પધરાવી દીધા હોવાની વ્યાપક ફરિયાદો હાઉસિંગ કમિટી સમક્ષ પહોંચી હતી. જેના પગલે સમગ્ર શહેરમાં ૫૬૧૧ આવાસોની સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ સર્વે દરમિયાન ૩૬૭ મકાનોમાં મૂળ લાભાર્થીના બદલે ભાડુઆતો રહેતા હોવાનું સામે આવ્યું હતું.